Sunday
02.02.2025
✳Volume :9 ✳ Issue No.199
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✳Office: A-3, Plot No. R- 13, Tanish hq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની મોદી 3.0 સરકારનું બજેટ 'સિટીઝન ફર્સ્ટ' સાકાર કરે છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રીશ્રી

- વિકસિત ભારત @ 2047 માટે રાજ્યોને પણ સંપૂર્ણ વિકસિત બનાવવામાં આ સર્વસમાવેશી- સર્વગ્રાહી બજેટ મહત્વપૂર્ણ બનશે.
- એગ્રીકલ્ચર-MSME-ઇન્વેસ્ટમેન્ટ અને એક્સપોર્ટ્સ એમ ચાર એન્જિનને ગતિ આપતા વિષયો આવરી લેવાયા છે.
- મેરીટાઇમ ડેવલપમેન્ટ ફંડ અને મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટીના પ્રાવધાન ગુજરાત માટે ઉપયોગી થશે.
- ગિફ્ટ સિટીના IFSCમાં કાર્યરત નાણાંકીય એકમોને એક્ઝમ્પશન સહિતની અપાતી વિવિધ જોગવાઈઓ ૩૧ માર્ચ, ૨૦૩૦ સુધી લંબાવવાના નિર્ણય માટે વડાપ્રધાનશ્રીનો આભાર
- MSMEને અપાયેલા પ્રોત્સાહનોથી ગુજરાતનું MSME સેક્ટર વધુ વિસ્તૃત બનશે.

કમલમ્,
મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની મોદી૩.૦ સરકારના આર્થનાબજેટને વિકસિતભારત @ 2047 ના સંકલ્પને પાર પાડવામાં નવી ચેતના જગાવનારું બજેટ ગણાવ્યુંહતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલેદેશની જનતાજનાર્દનને ખાસ કરીને મધ્યમવર્ગીય અને ગરીબ પરિવારોની આશા આકાંક્ષા પુરી પાડનારા આ બજેટને 'સિટિઝન ફર્સ્ટ' બજેટ તરીકે સમગ્ર ગુજરાત વતી આવકાર્યું હતું. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ આધારિતવિકાસને વેગઆપતું આ બજેટ છે.તમેએફીક્લ્યર, MSME, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અનેએક્સપોર્ટસચાર એન્જિનને ગતિમાટેના મહત્વપૂર્ણ વિષયો આવરીલેવામાં આવ્યા છે. નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણએ કેન્દ્ર સરકારનું સુસ્પત આઠમું બજેટ વડાપ્રધાનશ્રીના દીશાદર્શનમાં પ્રસ્તુત કર્યું તે માટે તેમણે અભિનંદન પાઠવ્યા છે. મુખ્ય મંત્રીશ્રીએ આ બજેટમાં મધ્યમ વર્ગ માટે અભૂતપૂર્વ કર લાભની કરવામાં આવેલી જાહેરાતથીમધ્યમવર્ગની બચતમાં વધારો થશે, વ્યવસાયિક વૃદ્ધિને ઉત્તેજન મળશે અને રોકાણ વધારવામાં મદદ મળશે, વધુ રોજગારીનું સર્જન થશેઅને સમગ્ર રાષ્ટ્રને ફાયદો થશે તેવી અપેક્ષા વ્યક્ત કરીહતી. તેમણેજણાવ્યું કે, ઇકેમટેકસના નવા સ્લેબને કારણે દેશના મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગોને મોટી રાહત મળશે, આ માટે મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્તકર્યોહતો બજેટમાં અન્નદાતા (ખેડૂતો)ના કલ્યાણને પ્રાથમિકતા આપવામાં આવી છે, જેમાં કૃષિ ઉત્પાદકતામાં સુધારો અને કૃષિ આવક વધારવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. કપાસ ઉત્પાદકતા માટેનું મિશન ખાસકરીને ગુજરાતના ખેડૂતો માટે ફાયદાકારક થશે. કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) યોજના હેઠળ ક્રેડિટ મર્યાદામાં વધારો થતાં ખેડૂતો, માછીમારો અને પશુપાલકોને ફાયદો થશે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. દેશમાં ઓછી કૃષિ ઉત્પાદકતા ધરાવતા ૧૦૦ જેટલા જિલ્લાઓ માટે "પી.એમ. ધન-ધાન્ય યોજના" શરૂ કરવાના વડાપ્રધાનશ્રીના અભિગમને તેમણે આવકાર્યો હતો. આ યોજનાને પરિણામે ૧.૭૦ કરોડ પરતીપુત્રોને ફાયદો થવા સાથે ગ્રામીણ વિકાસને વેગ મળશે અને માર્ગદર્શનઅટકશે તેવો વિશ્વાસ શ્રી ભૂપેન્દ્ર પટેલે દર્શાવ્યો હતો. મેરીટાઈમ ઈન્ડસ્ટ્રી માટે લાંબા ગાળાના ધિરાણ માટે રૂ. ૨૫ હજાર કરોડના પ્રાવધાન સાથે મેરીટાઈમ ડેવલપમેન્ટ ફંડની સ્થાપનાની જાહેરાત ગુજરાત જેવા વિશાળ સમુદ્ર કિનારો ધરાવતા રાજ્ય માટે ઉપયુક્ત છેએમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના MSMEને ક્રેડિટ ગેરંટી યોજનામાં નોંધપાત્ર વધારાને કારણે લાભ થશે તેની સરાહના કરતાંકહ્યું કે, યુવાનોને, ખાસ કરીને સ્ટાર્ટ-અપ્સના સશક્તિકરણને મજબૂત કરવાની પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. તેનાથી આપણા યુવાનો જોબ સીકર નહીંપરંતુ જોબ ગીવર અને રોજગારીનું સર્જન કરતાં બનશે. મહિલાઓSC અને ST વિદ્યાર્થીઓ ખાસ કરીને પહેલી વાર વ્યવસાય કરી રહેલા લોકો માટે ખાસ જોગવાઈઓ એસમાવિષ્ટ વિકાસને પ્રોત્સાહન આપવા તરફ એક આવકારદાયક ફાલુંછે એમ તેમણે ઉમેર્યું હતું. સમૃદ્ધ શહેરી કેન્દ્રો વિકસાવવા માટે, રૂ. ૧ લાખ કરોડના અર્બન ચેલેન્જ ફંડના નિર્માણ બદલ વડાપ્રધાન શ્રીને અભિનંદન આપીને આભાર માનતા શ્રી ભૂપેન્દ્રપટેલે કહ્યું કે, આ પહેલ ગુજરાતના શહેરોની માળખાગત સુવિધાઓ સુધારવામાં મદદ કરશે. ગિફ્ટ સિટીમાં IFSC માં કાર્યરત નાણાંકીય એકમોને એક્ઝમ્પશન, ડિડક્શન અને રિલોકેશનની જોગવાઈઓ ૩૧મી માર્ચ, ૨૦૩૦ સુધી લંબાવવામાં આવી છે અને ગિફ્ટ સિટીમાં ઈન્સ્યોરન્સ સેક્ટરમાં મોટા બેનિફિટ આપવામાં આવ્યા છે તે માટે તેમણે વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્તકર્યોહતો ગુજરાત દેશના વિકાસના ગ્રોથ એન્જિન તરીકે વિકસિતભારત @2047 માંપણ અગ્રેસર રહેવા સજ્જ છે અને આબજેટની જોગવાઈઓતેમાંનવું બળ પૂરું પાડશેએવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવ્યો હતો. વિકસિત ભારત @2047 માટે દેશનારાજ્યો પણ સંપૂર્ણ વિકસિત બનેતેવી નેમ વડાપ્રધાનશ્રીએ રાખી છે. આનેમને સાકાર કરતું સર્વગ્રાહી અને તમામસમાજના સૌવર્ગોમાટે લાભદાયી બજેટ આપવા માટે વડાપ્રધાન શ્રીનો અને નાણા મંત્રીશ્રીનો સમગ્ર ગુજરાત વતી મુખ્ય મંત્રીશ્રીએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યોહતો.

કમલમ્,
ભારતીય જનતા પાર્ટી સિદ્ધપુર તાલુકા દ્વારા માનનીય કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત સાહેબની પ્રેરક ઉપસ્થિતિમાં પેટા ચુંટણીના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ઉમેદવાર તરીકે સમોડા તાલુકા પંચાયત સીટ - સેનમા પશીબેન કરશનભાઈ, સિદ્ધપુર શહેર વોર્ડ નં ૧ - ઠાકોર વર્ષાબેન જીતેન્દ્રકુમાર અને સિદ્ધપુર શહેર વોર્ડ નં ૭ - પટેલ પ્રમોદભાઈ અમૃતલાલને સાહેબે ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છા તેમજ જંગી બહુમતીથી વિજય માટે શુભકામનાઓ પાઠવી. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ, શહેર ભાજપ પ્રમુખ, તાલુકા ભાજપ પ્રમુખ, સંગઠનના મહામંત્રીશ્રીઓ, સંગઠના હોદ્દેદારો, પદાધિકારીશ્રીઓ, સિનિયર આગેવાનો, નગરપાલિકાના સભ્યો, તાલુકાના સદસ્યો, તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તા મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,
સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી - ૨૦૨૫ અંતર્ગત મહીસાગર જિલ્લાની નગરપાલિકાઓની ચૂંટણી તેમજ તાલુકા પંચાયતોની પેટાચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોની ચાદી પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ સાહેબની સૂચના મુજબ જાહેર કરવામાં આવી જે અંતર્ગત સંતરામપુર નગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો દ્વારા કેબિનેટ મંત્રી શ્રી ડો. કુબેરભાઇ ડીંડોર સાહેબની હાજરીમાં વિજય મુહૂર્ત માં ઉમેદવારી પત્ર ભર્યું. આ તકે આયોજિત ભવ્ય રેલી માં વિશાળ સંખ્યામાં કાર્યકરો હોદ્દેદારો અને સમર્થકોનો ભાજપ પ્રત્યે અનેરો જોશ, ઉમંગ જોવા મળ્યો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ સુણક પ્રાથમિક શાળાના બાળકો સાથે સંવાદ કર્યો

સાંસદ શ્રી હરિભાઈ પટેલની આગેવાનીમાં બાળકોએ યાદગાર મુલાકાત કરી

કમલમ્, મહેસાણા
વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે ઊંઝા તાલુકાના સુણક પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ દિલ્લીમા સંસદ ભવન ખાતે મુલાકાત કરી. આ યાદગાર અવસરે વડાપ્રધાન શ્રી એ બાળકો સાથેમનોરમ્ય સંવાદ સાધીને, સૌને બહુમૂલ્ય માર્ગદર્શન આપ્યું હતુ. આ તકે બાળકો સાથે સહજ ભાવે ગુજરાતીમાં સંવાદ કરતા વડાપ્રધાન શ્રીનું ગુજરાતી પણુ સ્પષ્ટપણે ઉજાગર આવ્યું હતું. વડાપ્રધાન શ્રીએ બાળકોને અને સાથે રહેલા સૌને પોતીકાપણાનો અનુભવ કરાવ્યો હતો બજેટ સત્રના કારણે વ્યસ્ત હોવા છતાંપણ પોતાનો અમૂલ્ય સમય ફાળવીને સૌ સાથે મુલાકાત કરવા બદલમહેસાણા લોકસભાના સાંસદ શ્રીહરિભાઈ પટેલે વડાપ્રધાનશ્રીનો હૃદય પૂર્વક આભાર માન્યોહતો તેમજ તેમનુંસૌહાર્દ પૂર્ણ વાત્સલ્ય સૌને યાદગાર રહેશેએમ પણ જણાવ્યું હતું. વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્ત કરતા તેમને જણાવ્યું હતું કેમાનનીય વડાપ્રધાનશ્રી ને સદાય માર્ગદર્શન સદૈવ પ્રેરણા આપતું રહેશે.....

"ભારતમાં ઉત્પાદન"ને આગળ વધારવા માટે નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગોને આવરી લેવા માટે "રાષ્ટ્રીય ઉત્પાદન મિશન"ની જાહેરાત યુનિયન બજેટ ૨૦૨૫-૨૬માં કરવામાં આવી

ભારતને રમકડાં માટે વૈશ્વિક કેન્દ્ર બનાવવા માટે રમકડાં માટે રાષ્ટ્રીય કાર્ય યોજના

કમલમ્,
કેન્દ્રીય નાણાંઅને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે આજે સંસદમાં વર્ષ ૨૦૨૫-૨૬નું કેન્દ્રીય બજેટ રજૂ કરતી વખતે "મેક ઈન ઈન્ડિયા"ને આગળ વધારવા માટે નાના, મધ્યમઅને મોટાઉદ્યોગોને આવરી લેવા માટે "રાષ્ટ્રીય ઉત્પાદન મિશન"નીજાહેરાત કરીહતી. આ કેન્દ્રીય મંત્રાલયો અને રાજ્યો માટે નીતિગતસહાયતા, અમલીકરણની રૂપરેખા, શાસન અને દેખરેખ મોળખુ પ્રદાન કરશે. રાષ્ટ્રીય ઉત્પાદન મિશન પાંચ મુખ્ય ક્ષેત્રો એટલે કેવેપાર-વાણિજ્ય કરવાની સરળતા અને ખર્ચ પર ભાર મૂકશે. ઈ-ન-ડિમાન્ડ નાકરીઓ માટે ભવિષ્યનું તૈયાર વર્કફોર્સ; એક વાઈબ્રન્ટ અને ગતિશીલ એમ્બ્યસેસએમઈ ક્ષેત્ર; ટેકનોલોજીની ઉપલબ્ધતા; અને ગુણવત્તાસભર ઉત્પાદનો. આ મિશન ક્લિન ટેક ઉત્પાદનને પણ ટેકો આપશે અને તેનોઉદ્દેશ સ્થાનિક મૂલ્ય સંવર્ધનમા સુધારો કરવાનો અને સોલાર પીવી સેલ, ઈવી બેટરી, મોટર્સ અને કન્ટ્રોલર્સ, ઈલેક્ટ્રોલાઈઝર્સ, વિન્ડ ટર્બાઈન, ખૂબ જ હાઈ વોલ્ટેજ ટ્રાન્સમિશન ઉપકરણો અને ગ્રિડ સ્કેલ બેટરીઓમાટે ઈકોસિસ્ટમનું નિર્માણ કરવાનો છે. એમ કેન્દ્રીય નાણા મંત્રીએ ઉમેર્યું હતું. નાણા મંત્રીએ શ્રમ ઘનિષ્ઠ તાવાળા ક્ષેત્રોમા રોજગારી અને ઉદ્યોગસાહસિકતાની તકોને પ્રોત્સાહન આપવા માટે ચોક્કસ નીતિઓને સુવિધાયુક્તપગલા લેશે. કેન્દ્રીય મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, ભારતનાં કૂટવેર અને ચર્મ ક્ષેત્રની ઉત્પાદકતા, ગુણવત્તા અને સ્પર્ધાત્મકતા વધારવા માટે એક કેન્દ્રિત ઉત્પાદનયોજના અમલમાં મૂકવામાં આવશે. કેન્દ્રીય નાણાં મંત્રીએ વધુમાં માહિતી આપી હતી કે, આ યોજના ડિઝાઈન ક્ષમતા, કોમ્પોનન્ટ મેન્યુફેકચરિંગ અને નોન-લેધર ક્વોલિટી ફૂટવેરના ઉત્પાદન માટે જરૂરી મશીનરી ઉપરાંત ચામડાના ફૂટવેર અને ઉત્પાદનો માટે ટેકો આપશે. આ યોજનાથી ૨૨ લાખ લોકોને રોજગારીની સુવિધા મળશે. રૂ. ૪ લાખ કરોડનું ટર્નઓવર થશે અને રૂ. ૧.૧ લાખ કરોડથી વધારેની નિકાસ થશે એવી અપેક્ષા છે. કેન્દ્રીય મંત્રીએ ભારતને રમકડાં માટેનું વૈશ્વિક કેન્દ્ર બનાવવા માટે રમકડાં માટે રાષ્ટ્રીય કાર્ય યોજના લાગૂકરવાની દરખાસ્તકરી હતી. મંત્રીએ ઉમેર્યું હતું કે, આ યોજના ક્લસ્ટર્સ, કૌશલ્ય અને ઉત્પાદન ઈકોસિસ્ટમનાં વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે ઉચ્ચ ગુણવત્તાયુક્ત, વિશિષ્ટ, નવીન અને



સ્થાયી રમકડાંનું સર્જન કરશે, જે 'મેડ ઈન ઈન્ડિયા' બ્રાન્ડનુ પ્રતિનિધિત્વ કરશે. બાહ્યાશ પ્રસંસ્કરણ માટે સમર્થનના મોરચે કેન્દ્રીય નાણાં મંત્રીએ સરકારની 'પૂર્વોદય' પ્રત્યેની કટિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. કેન્દ્રીય મંત્રીએ બિહારમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફૂડ ટેકનોલોજી, આંત્રપ્રિન્યોરશિપઅેન્ડ મેનેજમેન્ટ સ્થાપિત કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ સંસ્થા સંપૂર્ણ પૂર્વીય વિસ્તારમાં ખાદ્ય પ્રસંસ્કરણ ની પ્રવૃત્તિઓને મજબૂત વેગ આપશે. આને પરિણામે ખેડૂતોની આવકમાં વૃધારો થશે, જેનાં પરિણામે ખેડૂતોનાં ઉત્પાદનમાં મૂલ્ય સંવર્ધન થશે તથા યુવાનો માટે કૌશલ્ય, ઉદ્યોગસાહસિકતા અને રોજગારીનીતકો વધશે.

ગુજરાત વિધાનસભા ખાતેસ્વાતંત્ર્ય સેનાની શ્રી અબ્બાસ તૈયબજીની જન્મ જયંતી નિમિત્તે વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ પુષ્પાંજલિ અર્પણ કરી

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી, ધારાસભ્યશ્રી, વિધાનસભાના અધિકારી-કર્મચારીઓ અને શાળાના બાળકોએ પણ પુષ્પ અર્પણ કર્યા

કમલમ્,
ભારતના સ્વાતંત્ર્ય સેનાની શ્રી અબ્બાસ શમશુદ્દીન તૈયબજીની જન્મ જયંતી નિમિત્તે તા. ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૫નારોજ ગુજરાત વિધાનસભા પરિસરમાં સ્થિત તેમના તૈલચિત્રને વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. વિધાનસભાના અધ્યક્ષશ્રીએ સૌને સ્વ. શ્રી તૈયબજીનો પરિચય આપતા જણાવ્યું હતું કે, સ્વ. શ્રી તૈયબજીનો જન્મ તા. ૧૯ ફેબ્રુઆરી ૧૮૫૪નારોજ વડોદરા ખાતે થયો હતો. વડોદરામાં અભ્યાસ પૂર્ણ કરીને લંડન જઈનેતેઓ બેરિસ્ટર બન્યા હતા અને સયાજીરાવ ગાયકવાડ સરકારમાં ન્યાયાધીશ અને ત્યારબાદ મુખ્ય ન્યાયાધીશ બન્યા હતા. ગાંધીજીથી ખૂબ પ્રભાવિત થઈને તેઓ ભારતના સ્વતંત્રતા આંદોલનમાં જોડાયા. તેઓ ગાંધીજીના ખૂબ જ વફાદાર વ્યક્તિ હતા. શ્રી તૈયબજી દેશની સ્વતંત્રતા માટે ના અનેક આંદોલનોમાં આગેવાની પણ સંભાળી હતી.

દેશની આઝાદીમાટે તેમણે પોતાનું બધું જ સમર્પિત કર્યું એ જ દેશ ભક્તિ આપણે સૌએ તેમની પાસેથી શીખવાની છે, તેમ અધ્યક્ષશ્રીએ ઉમેર્યું હતું. ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ તેમજ ગુજરાત વિધાનસભાના સચિવશ્રી સહિત વિધાનસભા સચિવાલયના અધિકારી-કર્મચારીઓએ તેમજ એરફોર્સ સ્કૂલ-ગાંધીનગરના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આ પ્રસંગે ઉપસ્થિત રહીને શ્રી તૈયબજીના તૈલચિત્રને પુષ્પ અર્પણ કર્યાહતા.

તંત્રી સ્થાનેથી......

કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે આજે સંસદમાં વર્ષ ૨૦૨૫-૨૬નું કેન્દ્રીય અંદાજપત્ર રજૂ કરતી વખતે નવીનતાને પોષવા માટે વિવિધ વિકાસલક્ષી પગલાં લેવાની દરખાસ્ત રજૂ કરી હતી. કેન્દ્રીય નાણાં મંત્રીએ કુતૂહલ અને નવીનતાની ભાવના કેળવવા તથા યુવા માનસમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા આગામી પાંચ વર્ષમાં સરકારી શાળાઓમાં ૫૦,૦૦૦ અટલ ટિંકરિંગ લેબની સ્થાપના કરવાની જાહેરાત કરી હતી. કેન્દ્રીય અંદાજપત્રમાં ભારતનેટ પ્રોજેક્ટ અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં તમામ સરકારી માધ્યમિક શાળાઓઅને પ્રાથમિકઆરોગ્ય કેન્દ્રોનેબ્રોડબેન્ડ કનેક્ટિવિટી પ્રદાન કરવાનીદરખાસ્ત પણરજૂ કરવામાંઆવી છે.

કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬માં ગુજરાત માટે વિશેષ જાહેરાતો

કમલમ્,

ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલસર્વિસ સેન્ટર (IFSC): IFSCમાં વધારાની પ્રવૃત્તિઓને આકર્ષવા અને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્રીય બજેટમાં IFSC માં સ્થાપિત વૈશ્વિક કંપનીઓનાશિપ-લીઝિંગ યુનિટ્સ, વીમા ઓફિસો અને ટ્રેઝરી સેન્ટર્સને વિશેષ લાભો આપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. વધુમાં, લાભોનો દાવો કરવા માટે, IFSC માં શરૂઆતમાટેની કટ-ઓફ તારીખ પણ પાંચ વર્ષવધારીને ૩૧.૩.૨૦૩૦ કરવામાંઆવી છે.

- **IFSC** માટેપ્રોત્સાહનો:
- કેન્દ્રીય બજેટમાં દરખાસ્તકરવામાંઆવીહતી કે વિવિધ વિભાગોમાં મુક્તિ, કપાત અને સ્થળાંતર માટે IFSC એકમો સાથે સંબંધિત સેનસેટ ડેટ્સ ૩૧ માર્ચ, ૨૦૩૦ સુધી લંબાવવામાં આવશે.
- કેન્દ્રીય બજેટમાં IFSC વીમા મધ્યસ્થીકચેરી દ્વારાજારી કરવામાં આવેલી જીવન વીમા પોલિસી પર પ્રાપ્ત થતી આવકને મહત્તમ પ્રીમિયમની રકમની શરત વિના મુક્તિ આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.
- કેન્દ્રીય બજેટમાંશિપ લીઝિંગ ડોમેસ્ટિક કંપનીનાઇક્વિટી શેરના હસ્તાંતરણ પર બિન-નિવાસી અથવા IFSC ના એકમ માટે મૂડીનફામાંકલમ 10 (4H)માંછૂટનેવધારવાનો પ્રસ્તાવમૂકવામાં આવ્યો હતો.
- IFSCમાં શિપ લીઝિંગ કંપની દ્વારા જહાજ ભાડાપટ્ટા સાથે સંકળાયેલા એકમને ચૂકવવામાં આવતા ડિવિડન્ડની કલમ ૧૦ (34B)માંમુક્તિને વધારવાનોપ્રસ્તાવ છે.
- 'કેન્દ્રીય બજેટમાંપ્રસ્તાવ મૂકવામાંઆવ્યો હતોકે બે જૂથ સંસ્થાઓ વચ્ચે કોઈપણ એડવાન્સ અથવા લોન, જ્યાં જૂથ સંસ્થાઓમાંથી IFSC માં ટ્રેઝરી પ્રવૃત્તિઓ અથવા ટ્રેઝરી સેવાઓ હાથ ધરવા માટે સ્થાપિત થયેલ હોય, તેને ડિવિડન્ડમાંથી બાકાત રાખવામાં આવશે.
- કેન્દ્રીય બજેટમા IFSC સ્થિત ફંડમેનેજર દ્વારાસંચાલિત રોકાણ ભંડોળ માટે સિમ્પલીફાઇડ સેફ હાર્બર રિજિમ પ્રદાન કરવાની દરખાસ્તકરવામાં આવી છે. આઈએફએસસી એકમોમાટે શરતોમાં છૂટછાટ ૩૧ માર્ચ, ૨૦૩૦સુધી લંબાવવામાં આવી હતી.
- કેન્દ્રીય બજેટમાં કોઈ પણ વિદેશી પોર્ટફોલિયો રોકાણકાર સાથે કરવામાં આવેલા નોન-ડિલીવરેબલ ફોરવર્ડ કોન્ટ્રાક્ટના હસ્તાંતરણના પરિણામે બિન-નિવાસીને થતી, ઉદ્ભવતી કે તેને પ્રાપ્ત થયેલીકોઈ પણ આવકને મુક્તિ આપવાનો પ્રસ્તાવમૂકવામાંઆવ્યો હતો, જે નિર્ધારિત શરતોનું પાલન કરે છે.
- મૂળભંડોળમાં શેરહોલ્ડર દ્વારા રાખવામાંઆવેલા શેર અથવા યુનિટ અથવા વ્યાજનુંસ્થાનાંતરણ (IFSC એરેગ્યુલેશન ૨૦૨૨ હેઠળ નિયંત્રિતરિટેલ સ્કીમ અથવા એક્સચેન્જ ટ્રેડેડ ફંડહોવાને કારણે) શેર અથવા યુનિટ અથવા રોકાણમાંપરિણામી ભંડોળમાંહિત માટે વિચારણામાં મૂડી લાભની ગણતરીના હેતુસર સ્થાનાંતરણ તરીકે ગણવામાંઆવશે નહીં.

નાણાકીય સશકતીકરણને પ્રોત્સાહન

કમલમ્,

પરિવર્તનકારી યોજનાઓ નાણાકીય સર્વસમાવેશકતા, વીમા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપે છે

સરકારની ચાવીરૂપ પહેલોએ નાણાકીય સર્વસમાવેશકતા અને ઉદ્યોગસાહસિકતામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, જેનાથી સમગ્ર ભારતમાં લાખો લોકોને લાભ થયો છે.

પ્રધાનમંત્રી જન ધન યોજના (પીએમજેડીવાય)એ ૫૪.૫૮ કરોડથી વધુ ખાતાં ખોલ્યાંછે, જેમાં જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં થાપણો વધીને ૨.૪૬ લાખ કરોડ થઈ ગઈ છે. અટલ પેન્શન યોજના (એપીવાય)માં નોંધણીમાં ઉછાળો જોવા મળ્યો છે, જે જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ૭.૩૩ કરોડ સુધી પહોંચી ગયો છે, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૮૯.૯૫ લાખથી વધુ નવા નોંધણી સાથે. પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (પીએમજેજેબીવાય)એ ૨૨.૫૨ કરોડ વ્યક્તિઓની નોંધણી કરી છે, જેમાં ૮.૮ લાખ દાવાઓ માટે ૧૭,૬૦૦ કરોડ વહેંચવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (પીએમએસબીવાય)એ ૪૯.૧૨ કરોડ લોકોને આવરી લીધા છે, જેણે અકસ્માતના દાવા સામે ૨,૯૯૪.૭૫કરોડપર પ્રક્રિયાકરી છે.

સ્ટેન્ડ-અપ ઇન્ડિયા સ્કીમમાંએસસી/એસટી અને મહિલાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને ૨.૩૬ લાખ ઉદ્યોગ સાહસિકો માટે ૫૩,૬૦૯ કરોડની લોન મંજૂર કરવામાં આવી છે. છેવટે, પ્રધાનમંત્રી મુદ્રા યોજના (પીએમએમવાય)એ ૫૧.૪૧ કરોડ લોન માટે ૩૨.૩૬ લાખ કરોડ મંજૂર કર્યા છે, જેમાંથી ૬૮% લોનનો લાભ મહિલાઓને અને ૫૦% એસસી/એસટી/ઓબીસી કેટેગરીમાં જાય છે. આ પહેલ નાણાકીય સશક્તીકરણ અને સમાવિષ્ટ વિકાસને પ્રોત્સાહન આપવામાં સહાયક છે.

નાણાકીય સર્વસમાવેશકતાએ સરકારની મુખ્ય પ્રાથમિકતાછે, જે બેંકિંગ, ધિરાણ અને વીમા સેવાઓથી વંચિત અને વંચિત લોકોને બેંકિંગ, ધિરાણ અને વીમા સેવાઓ પ્રદાન કરવા આતુર છે. પ્રધાનમંત્રી જન ધન યોજના, અટલ પેન્શન યોજના અને અન્ય જેવી પહેલો મારફતે સરકાર વ્યક્તિઓને સશક્ત બનાવવા, નાણાકીય ભવિષ્યને સુરક્ષિત કરવા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા કામ કરી રહી છે. "જન ધનથી જન સુરક્ષા સુધી"નું સૂત્ર નાણાકીય સુરક્ષાઅને તમામ માટે સર્વસમાવેશક વિકાસના વિઝનને સમાવે છે.

પ્રધાનમંત્રી જન ધન યોજના (પીએમજીડીઆઈ)

ઓગસ્ટ, ૨૦૧૪માં શરૂ થયેલી પ્રધાનમંત્રી જન ધન યોજના (પીએમજેડીવાય)નો ઉદ્દેશ બચત ખાતાંઓ, ધિરાણ, રેમિટન્સ, વીમો અને પેન્શનની સુલભતા વધારીને બેંકિંગથી વંચિત લોકોને ઔપચારિક નાણાકીય વ્યવસ્થામાં લાવવાનો છે. આ દાયકામાં, તેણે નબળા વર્ગો અને ઓછી આવક ધરાવતા જૂથોને સશક્ત બનાવ્યા છે, જેણે નાણાકીય સર્વસમાવેશકતા અને આર્થિક સંકલનમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. વર્લ્ડબેંકના ગ્લોબલ ફાઈન્ડેક્સ ડેટાબેઝ ૨૦૨૧ અનુસાર, પાછલા એક દાયકામાં ભારતમાં બેંક ખાતાની માલિકી બમણાથી વધુ થઈ ગઈ છે, જે ૨૦૧૧ માં ૩૫ ટકાથી વધીને ૨૦૨૧માં ૭૮ ટકા થઈ ગઈ છે.

ચાવીરૂપ સિદ્ધિઓ:

ખાતા ખોલવામાં આવ્યા: માર્ચ ૨૦૧૫ માં ૧૪.૭૨ કરોડથી વધીને ૧૫ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં ૫૪.૫૮ કરોડ થઈ ગઈ છે.

થાપણો: માર્ચ ૨૦૧૫ માં ૧૫,૬૭૦ કરોડથી વધીને જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ૨,૪૬,૫૯૫ કરોડ થઈ છે.

રૂપે કાર્ડ્સ: ૧૫ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં પીએમજેડીવાય ખાતાધારકોને ૩૭.૨૯ કરોડ કાર્ડ જારી કરવામાં આવ્યા છે, જે ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં વધારો કરે છે.

અટલ પેન્શન યોજના (એપીવાય)

૯ મે, ૨૦૧૫ના રોજ શરૂ થયેલી અટલ પેન્શન યોજના (એપીવાય) અસંગઠિત ક્ષેત્રના કામદારોને સામાજિક સુરક્ષા પૂરી પાડે છે. તે ગરીબ અને વંચિત લોકો માટે નાણાકીય સ્થિરતા સુનિશ્ચિત કરે છે. આ યોજના ૧ જૂન, ૨૦૧૫ના રોજ કાર્યરત કરવામાં આવી હતી. એપીવાયનું નિયમન પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (પીએફઆરડીએ) દ્વારા થાય છે. તે નેશનલ પેન્શન સિસ્ટમ (એનપીએસ) ફ્રેમવર્ક હેઠળ કામ કરે છે.

ચાવીરૂપ સિદ્ધિઓ:

એપીવાયની વૃદ્ધિ: અટલ પેન્શન યોજના માર્ચ ૨૦૧૯માં ૧.૫૪ કરોડ નોંધણીથી વધીને જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ૭.૩૩ કરોડ થઈ ગઈ છે. તેની પુરોગામી સ્વાવલંબન યોજનામાં વર્ષ ૨૦૧૦-૧૧ સુધીમાં ૩.૦૧ લાખ નોંધણી થઈ હતી.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ પ્રગતિ: ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૮૯.૯૫ લાખથી વધુ નોંધણી.

પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (પીએમજેજીબી)

૯ મે, ૨૦૧૫ના રોજ શરૂ થયેલી પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (પીએમજેજેબીવાય) સરકાર સમર્થિત જીવન વીમા યોજના છે. ૨૦૧૫ના બજેટમાં પ્રસ્તાવિત, તેનો ઉદ્દેશ તે સમયના ૨૦ ટકા વસ્તીથી વધુ વીમા કવરેજને વિસ્તૃત કરવાનો હતો. આ યોજના એક વર્ષનો પુનઃપ્રાપ્ય જીવન વીમો પ્રદાન કરે છે, જેમાં કોઈ પણ કારણસર મૃત્યુને આવરી લેવામાં આવે છે.

ચાવીરૂપ સિદ્ધિઓ:

નોંધણી: નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં ૩.૧ કરોડથી વધીને ૧૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ૨૨.૫૨ કરોડ થઈ ગઈ છે.

દાવાઓનું વિતરણ: કુલ ૯,૧૩,૧૬૫ દાવાઓમાંથી ૮,૮૦,૦૩૭ દાવાઓ માટે ?૧૭,૬૦૦ કરોડનું વિતરણ કરવામાં આવ્યું.

પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (પીએમએસબીઆઈ)

૯ મે, ૨૦૧૫ના રોજ શરૂ થયેલી પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (પીએમએસબીવાય) એક અકસ્માત વીમા યોજના છે, જે મૃત્યુ અને વિકલાંગતાને આવરી લે છે. આ એક વર્ષની પુનઃપ્રાપ્ય નીતિ છે, જેનો ઉદ્દેશ વીમાનો વ્યાપ વધારવાનો છે. આ યોજના ૧૮-૭૦ વર્ષની વય ધરાવતા લોકોને બચત અથવા પોસ્ટ ઓફિસ એકાઉન્ટ સાથે કવરેજ પ્રદાન કરે છે, જેનો લાભ ગરીબ અને વંચિતોને મળે છે.

ચાવીરૂપ સિદ્ધિઓ:

નોંધણી: ૧૫ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી ૪૯.૧૨ કરોડ સંચિત નોંધણી.

દાવાઓની પ્રક્રિયા: કુલ ૧,૯૮,૪૪૬ દાવાઓમાંથી ૧,૫૦,૮૦૫ દાવાઓની સામે ૨,૯૯૪.૭૫ કરોડનું વિતરણ કરવામાં આવ્યું છે.

સ્ટેન્ડ-અપ ઇન્ડિયા યોજના

૫ એપ્રિલ, ૨૦૧૬ના રોજ શરૂ થયેલી સ્ટેન્ડ-અપ ઇન્ડિયા યોજના મહિલાઓ, એસસી અને એસટી વચ્ચે ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપે છે. તે ઉત્પાદન, સેવાઓ, વેપાર અને આનુષંગિક કૃષિના ગ્રીનફિલ્ડ સાહસો માટે ૧૦ લાખથી ૧ કરોડ સુધીની બેંક લોન પૂરી પાડે છે. આ યોજનાનો હેતુ નાણાકીય અવરોધોને સરળ બનાવીને મહત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવવાનો છે.

ચાવીરૂપ સિદ્ધિઓ:

પ્રગતિ: મંજૂર થયેલી લોનની રકમ માર્ચ ૨૦૧૮માં ૩,૬૮૩ કરોડથી વધીને જુલાઈ ૨૦૨૪ સુધીમાં ?૫૩,૬૦૯ કરોડ થઈ છે.

લાભાર્થીઓ: જુલાઈ ૨૦૨૪ સુધીમાં એસસી / એસટી અને મહિલા ઉદ્યમીઓને ૨.૩૬ લાખ લોન આપવામાં આવી છે.

પ્રધાનમંત્રી મુદ્રા યોજના (પીએમઆઈ)

૮ એપ્રિલ, ૨૦૧૫ના રોજ શરૂ થયેલી પ્રધાનમંત્રી મુદ્રા યોજના (પીએમએમવાય) નાના અને સૂક્ષ્મ ઉદ્યોગોને ૧૦ લાખ સુધીની લોન સાથે ટેકો આપે છે. કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫માં લોનની મર્યાદા વધારીને ૨૦ લાખ કરવામાં આવી હતી. મુદ્રા સૂક્ષ્મ એકમોને ફરીથી ધિરાણ આપીને અને મહત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવીને નાણાકીય સર્વસમાવેશકતાની સુવિધા આપે છે.

ચાવીરૂપ સિદ્ધિઓ:

મંજૂર થયેલી લોન: ૫૧.૪૧ કરોડ લોન (જાન્યુઆરી ૨૦૨૫ સુધી) માટે ૩૨.૩૬ લાખ કરોડ મંજૂર કરવામાં આવ્યા.

ઋણકર્તા વિતરણ: મહિલાઓને ૬૮ ટકા અને એસસી/એસટી/ઓબીસી કેટેગરીને ૫૦ ટકા લોન

વીમા ક્ષેત્ર માટે એફડીઆઈની મર્યાદા ૭૪ ટકા થી વધારીને ૧૦૦ ટકા કરવામાં આવી

કમલમ્,

કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના પ્રધાને આજે સંસદમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ રજૂ કરતી વખતે જણાવ્યું હતું કે, બજેટ ૨૦૨૫-૨૬નો ઉદ્દેશ છ ક્ષેત્રોમાં પરિવર્તનકારી સુધારાઓ શરૂ કરવાનો છે, જે આગામી પાંચ વર્ષ દરમિયાન આપણી વૃદ્ધિની સંભવિતતા અને વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં વધારો કરશે. આમાંનું એક ક્ષેત્ર નાણાકીય ક્ષેત્ર છે, જેમાં વીમા, પેન્શન, દ્વિપક્ષીય રોકાણ સંધિઓ (બીઆઈટી) વગેરે જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

વીમા ક્ષેત્રમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઈ)

શ્રીમતી નિર્મલા સીતારામને માહિતી આપી હતી કે વીમા ક્ષેત્ર માટે એફડીઆઈની મર્યાદા ૭૪થી વધારીને ૧૦૦ ટકા કરવામાં આવશે. આ ઉન્નત મર્યાદા તે કંપનીઓ માટે ઉપલબ્ધ રહેશે જે ભારતમાં સંપૂર્ણ પ્રીમિયમનું રોકાણ કરે છે. વિદેશી રોકાણ સાથે સંકળાયેલી વર્તમાન મર્યાદાઓ અને નિયંત્રણોની સમીક્ષા અને સરળીકરણ કરવામાં આવશે.

પેન્શન સેક્ટર

પેન્શન ઉત્પાદનોના નિયમનકારી સંકલન અને વિકાસ માટે એક ફોરમની સ્થાપના કરવામાં આવશે, એમ કેન્દ્રીય નાણાં મંત્રીએ જણાવ્યું હતું.

કેવાયસી સરળીકરણ

શ્રીમતી નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે કેવાયસી પ્રક્રિયાને સરળ બનાવવા અંગે અગાઉની જાહેરાતને અમલમાં મુકવા માટે વર્ષ ૨૦૨૫માં સેન્ટ્રલ કેવાયસી રજિસ્ટ્રીને પુનર્જિવિત કરવામાં આવશે. સમયાંતરે અપડેટ કરવા માટે સુવ્યવસ્થિત સિસ્ટમ પણ લાગુ કરવામાં આવશે.

કંપનીઓનું મર્જર

કેન્દ્રીય નાણાં મંત્રીએ એમ પણ કહ્યું હતું કે, કંપનીના મર્જરની ઝડપથી મંજૂરી માટેની આવશ્યકતાઓ અને પ્રક્રિયાઓને તર્કસંગત બનાવવામાં આવશે. ફાસ્ટ-ટ્રેક મર્જરનો અવકાશ પણ વિસ્તૃત કરવામાં આવશે અને આ પ્રક્રિયાને સરળ બનાવવામાં આવશે.

દ્વિપક્ષીય રોકાણ સંધિઓ

કેન્દ્રીય નાણાં મંત્રીએ ઉમેર્યું હતું કે, સતત વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવા અને 'ફર્સ્ટ ડેવલપ ઈન્ડિયા'ની ભાવના સાથે વર્તમાન મોડલ બીઆઈટીનું પુનરૂદ્ધાર કરી અને તેને રોકાણકારોને વધારે અનુકૂળ બનાવવામાં આવશે.

રાજ્ય કક્ષા મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સાપુતારા ખાતે ઈન્ટર સ્ટેટ ફોરેસ્ટ પ્રોટેકશનની બેઠક યોજાઇ

વન સંરક્ષણ અંગે ગુજરાત- મહારાષ્ટ્ર– દમણ અને દિવ- દાદરા નગર હવેલીના ઉચ્ચ વન અધિકારીશ્રીઓ સાથે યોજાઇ બેઠક

કમલમ્, આહવા

રાજ્ય કક્ષાના, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણીપુરવઠા મંત્રી શ્રી મુકેશ પટેલના અધ્યક્ષ સ્થાને સાપુતારાની તોરણ હિલ રીસોર્ટ ખાતે આજરોજ ઈન્ટર સ્ટેટ અને યુનીયન ટેરેટરીફોરેસ્ટ પ્રોટેકશનની એક મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં ગુજરાત- મહારાષ્ટ્ર– દમણ અને દિવ- દાદરા નગર હવેલીના ઉચ્ચ વન અધિકારીશ્રીઓ સાથે પર્યાવરણ સંરક્ષણ બાબતે ગહન ચર્ચા કરવામાં આવી હતી. સાપુતારા ખાતે યોજાયેલ ઈન્ટર સ્ટેટ ફોરેસ્ટ પ્રોટેકશનની આ બેઠકમાં રાજ્ય કક્ષાના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, જંગલ એ રાષ્ટ્રની સંપત્તિ છે જેથી વન અને પર્યાવરણ બચાવી, લાકડાની તસ્કરી રોકવા તેમજ વનોને સંરક્ષીત કરવા એ આપણી જવાબદારી બની જાય છે. વન બચાવવા ગુજરાત - મહારાષ્ટ્ર – દમણ અને દિવ- દાદરા નગર હવેલીના તમામ વન અધિકારી એક થઈ કાર્ય કરે તે જરૂરી છે. તાજેતરમાં ગુજરાતના કચ્છ ફોરેસ્ટ વિભાગમાં ૨૬ હજાર હેકટર વિસ્તારમાં દબાણ થયેલ જમીનનું દબાણ હટાવાયું છે. તેમજ દક્ષિણ ગુજરાતના બોર્ડર વિસ્તારમાં ૯૦૦ હેકટર જેટલી જમીનનું દબાણ દુર કરવામાં આવ્યું છે. વન જાળવણી બાબતે તેમજ જમીનનું દબાણ હટાવવા ગુજરાત વન વિભાગ સક્રિય છે. ત્યારે આ બાબતે અન્ય વિભાગો પણ ચર્ચા વિચારણા કરે તે જરૂરી છે. ચંદનના વૃક્ષની તસ્કરી રોકવા માટે ગુજરાત સરકાર લેઝર ફેન્સીંગનો પાઈલોટ પ્રોજેકટ શરૂ કરવા જઈ રહી છે. સાથે જ છે ટેકનોલોજીનો ઉપયોગ કરી લાકડાની તસ્કરી રોકવા અંગે વિચારણા ચાલી રહી છે. ઉપરાંત વિશ્વમાં પ્રથમ ગુજરાત રાજ્યમાં ક્લાઈમેટ ચેન્જની યુનિવર્સિટી બનશે તેમ પણ મંત્રીશ્રીએ વધુ વિગતો આપતાં જણાવ્યું હતું. સાથે લાકડાની તસ્કરી રોકવા, અને સસ્તા ભાવે ખેરના લાકડાના વેચાણ ઉપર લાકડાનો ચોક્કસ ભાવ નક્કી કરવા માટે લાકડાની સ્જઁ નક્કી કરવા નીતી બનાવવા વિચારણા કરવા માટે મંત્રીશ્રીએ સૂચવ્યું હતું. વધુમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ શરૂ થયેલ ''એક પેડ માં કે નામ'' અભિયાનમાં સમગ્ર દેશને વૃક્ષ વાવવા તેમણે આહવાન કર્યું હતું જેનાથી વૃક્ષો અને પ્રકૃતિ સાથે સૌની આત્મીયતામાં વધારો થશે.

સાથે જ આ અભિયાન અંતર્ગત ૧૭ કરોડ જેટલાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. સાપુતારા ખાતે યોજાયેલ આ બેઠકમાં ગુજરાત- મહારાષ્ટ્ર – દમણ અને દિવ- દાદરા નગર હવેલીના ઉચ્ચ વન અધિકારીશ્રીઓ વન બચાવવા અંગે વિગતે ચર્ચા કરી હતી.

આ બેઠકમાં ચીફ કોન્સર્વેટર ઓફ ફોરેસ્ટ નાશિક શ્રી રિશીકેશ રાંજણા, ચીફ કોન્સર્વેટર ઓફ ફોરેસ્ટ દમણ અને દિવ- દાદરા નગર હવેલી શ્રી એમ. રાજકુમાર, મુખ્ય વન સંરક્ષક સર્વશ્રી મનેશ્વર રાજા અને શશીકુમાર, શ્રી સંજય વાંરજકર સહિત ડાંગના નાયબ વન સંરક્ષકો સર્વશ્રી રવિ પ્રસાદ, અને દિનેશ રબારી, મદદનીશ વન સંરક્ષક સર્વેશ્રી આરતી ભાભોર, શ્રી રાહુલ પટેલ સહિતના ગુજરાત- મહારાષ્ટ્ર – દમણ અને દિવ- દાદરા નગર હવેલીના ઉચ્ચ વન અધિકારીશ્રીઓ, ડાંગ જિલ્લાની વિવિધ રેંજના આર.એફ.ઓ., વન કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય ડાક વિભાગે 'પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ'ની ૧૪૧મી વર્ષગાંઠની ઉજવણી કરી, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે પોલિસી બોન્ડનું વિતરણ કર્યું.

કમલમ્,

ભારતીય ડાક વિભાગ લાંબા સમયથી પત્રો અને પાર્સલ તેમજ જીવન વીમા ક્ષેત્રે કામ કરી રહ્યું છે. ૧ ફેબ્રુઆરી, ૧૮૮૪ના રોજ શરૂ થયેલી, 'પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ' એ ભારતમાં સરકારી અને અર્ધ-સરકારી કર્મચારીઓ માટે સૌથી જૂની વીમા યોજના છે, જેનો લાભ હવે ખાનગી ક્ષેત્રના વ્યાવસાયિકો અને માન્ય યુનિવર્સિટી/સંસ્થાના તમામ સ્નાતકો/ડિપ્લોમા ધારકો પણ લઈ શકે છે. ઉપરોક્ત ઉદગાર ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ડાક જીવન વીમાના ગૌરવશાળી ૧૪૧માં વર્ષમાં પ્રવેશ કરતી વખતે, ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ અમદાવાદના હાથીજણ સ્થિત સ્વામી નારાયણ મંદિરના પરિસરમાં આયોજિત એક કાર્યક્રમમાં વ્યક્ત કર્યા. આ પ્રસંગે, તેમણે વીમાધારકોને પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ પોલિસી બોન્ડ્સ આપ્યા અને તેમના સુખી ભવિષ્યની શુભેચ્છા પાઠવી. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે કહ્યું કે આજના સમયમાં જીવન વીમો એ એક અનિવાર્ય જરૂરિયાતછે, સાથે જ તે બચતઅને રોકાણ માટેનું એકસુરક્ષિત માધ્યમ છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં હાલ ડાક જીવન વીમા અને ગ્રામ્ય ડાક જીવન વીમાની કુલ ૩.૨૫ લાખથી વધુ પોલિસીઓ છે. ભારતીય ડાક વિભાગ, વીમાક્ષેત્રે પણ નવા પરિમાણો સ્થાપિત કરી રહ્યું છે. એક નવીન પહેલમાં, ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના ૬૩૭ ગામોને 'સંપૂર્ણ વીમા ગ્રામ' બનાવવામાં આવ્યા છે, જેમાં તમામ પાત્ર વ્યક્તિઓનો વીમો લેવામાં આવ્યો છે. ડાકઘરોમાં લોકોની વય અને જરૂરિયાત અનુસાર જીવન વીમાની વિવિધ યોજનાઓ ઉપલબ્ધ છે, જેમાં સુરક્ષા (સંપૂર્ણ જીવન વીમો), સંતોષ (હયાતીનો વીમો), સુવિધા, સુમંગલ, યુગલ સુરક્ષા અને ચિલ્ડ્રન પોલિસીનો સમાવેશ થાય છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે નવીનતમ ટેકનોલોજી અપનાવીને પોસ્ટલ જીવન વીમા સેવા ઓનલાઈન કરવામાં આવી છે. પોલિસીધારકો માટે ઈ-પીએલઆઈ બોન્ડની સુવિધા શરૂ કરવામાં આવી છે, જે ડિજીલોકર પર ઉપલબ્ધ છે. હવે ડાક વિભાગ દ્વારા પોલિસી બોન્ડ જારી કર્યા પછી તરત પોલિસી બોન્ડ ડાઉનલોડ કરી શકાય છે. નવીનતા લાવતાં હવે જ્યાં પ્રીમિયમ ઓનલાઈન જમા કરાવવાની સુવિધા છે, ત્યારે હવે પ્રીમિયમ IPPB મોબાઈલ એપ દ્વારા પણ જમા કરાવી શકાય છે. પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સ હેઠળના લાભોની ચર્ચા કરતી વખતે, શ્રી વિકાસ પાલ્વે, સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટઓફીસ, અમદાવાદ ડિવિઝનએ જણાવ્યું હતું કે રોકાણની સલામતી પર સરકારી ગેરંટી, કલમ ૮૦હેઠળ આવકવેરા મુક્તિ, ઓછું પ્રીમિયમ અને વધુ બોનસ, પોલિસી પર લોન સુવિધા, પ્રીમિયમ ઓનલાઈન જમા કરાવવાની સુવિધા, દેશની કોઈપણ પોસ્ટ ઓફિસમાં પ્રીમિયમ જમા કરાવવાની સુવિધા અને એડવાન્સ પ્રીમિયમ પર ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. પોલિસી પર બોનસનો દર પ્રતિ હજાર રૂપિયા ૫૨ થી રૂ. ૭૬ પ્રતિ હજાર સુધીનો છે. સહાયક ડાક અધિક્ષક શ્રી એસ. એન. ઘોરીએ જણાવ્યું હતું કે પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સ હેઠળ, દેશભરની પોસ્ટ ઓફિસોમાં ૨૦ હજારથી ૫૦ લાખ રૂપિયા સુધીનો વીમો મેળવવાની સુવિધા ઉપલબ્ધ છે. આસિસ્ટન્ટ ડિરેક્ટર શ્રી એમ.એમ. શેખે માહિતી

આપી હતી કે ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં વિવિધ સ્થળોએ પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સ મેળાઓનું આયોજન કરીને 'પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સ ડે' ઉજવવામાં આવ્યો હતો, જેમાં લોકોને તેના વિશે જાગૃત કરવામાં આવ્યા હતા અને લોકોનો વીમો પણ લેવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્વામી નારાયણ વિદ્યા ધામના આચાર્ય ડૉ. આશિષ વ્યાસ, હાથીજણના કાઉન્સિલર શ્રી મૌલિક દેસાઈ, સહાયક ડાક અધિક્ષક શ્રી એસ.એન. ઘોરી, શ્રી હાર્દિક રાઠોડ, શ્રી હિતેશ પારેખ, શ્રી વિશાલ ચૌહાણ, શ્રી અલ્કેશ પરમાર, શ્રી રોનક શાહ, ઈન્સ્પેક્ટર શ્રી ભાવિન પ્રજાપતિ, બ્રાન્ચ પોસ્ટમાસ્તર શ્રી પ્રકાશભાઈ શાહ સહિત અનેક મહાનુભાવોએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી પિનલ સોલંકીએ કર્યું હતું.

કમલમ્,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના નવનિયુક્ત મુખ્ય સચિવ શ્રી પંકજ જોશીને ઉષ્માભેર આવકારીને તેમને નવા કાર્યભાર માટે શુભકામનાઓ પાઠવી છે. શ્રી પંકજ જોષીએ મુખ્ય સચિવ તરીકેનો પદભાર સંભાળ્યા પછી રાજભવન ખાતે રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

કલેક્ટરશ્રી ગાંધીનગર મેહુલ કે.દવે દ્વારા 'પ્રેરણા પ્રવાસ' અંતર્ગત કલોલ તાલુકાના ડીંગુચા ગામે સી.એચ.સી આરોગ્ય કેન્દ્ર, ગ્રામ પંચાયત કચેરી તથા આંગણવાડીની મુલાકાત કરવામાં આવી

કલેક્ટરશ્રીએ આરોગ્ય કેન્દ્રના સ્ટાફ , દવાઓ અને લેબ ટેસ્ટિંગની ઉપલબ્ધ સેવાઓની સાથે સાથે જાહેર શૌચાલયમાં સ્વચ્છતા અંગે જાતે ચકાસણી કરી

આંગણવાડી બહેનોને સ્વચ્છતા અને ભોજનની ઉત્તમ ગુણવત્તા જાળવવા તથા બાળકોને બાળગીત, પંચતંત્રની વાર્તાઓ દ્વારા સંસ્કાર સિંચન કરવા પ્રેરણા આપતા કલેક્ટરશ્રી

કમલમ્,

કલેકટરશ્રી ગાંધીનગર મેહુલ કે.દવે દ્વારા તા.૦૧, ફેબ્રુઆરી -૨૦૨૫ ના રોજ જિલ્લાના ગામોમાં પ્રેરણા પ્રવાસ ઉપક્રમે કલોલ તાલુકાના ડીંગુચા ગામે સીએચસી આરોગ્ય કેન્દ્રની મુલાકાત, ડીંગુંચા ગ્રામ પંચાયત કચેરીની મુલાકાત તથા આંગણવાડીની મુલાકાત કરવામાં આવી હતી. 'પહેલું સુખ તે જાતે નર્યા' સ્વાસ્થ્યની સુખાકારી માટે આ કહેવત ખૂબ જ પ્રચલિત છે, ત્યારે ગ્રામજનોના સ્વાસ્થ્યની સુખાકારી અને સુવિધાઓની ચિંતા કરતા ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રી મેહુલ કે. દવે દ્વારા રૂબરૂ પીએચસી સેન્ટર તથા સીએચસી સેન્ટરની મુલાકાત લઈ, ગામના દરેક સ્તરના વ્યક્તિઓને સારામાં સારી આરોગ્યની સુવિધાઓ મળે છે કે નહીં, તેની તપાસ કરવામાં આવે છે.

જે અંતર્ગત ડીંગુચા સી.એચ.સી આરોગ્ય કેન્દ્રની મુલાકાત લેતા આરોગ્ય કેન્દ્ર માં સ્ટાફ, દવાઓ અને લેબ ટેસ્ટિંગની ઉપલબ્ધ સેવાઓની સમીક્ષા કરવા સાથે, વેટિંગમાં બેઠેલા ગ્રામજનો સાથે આરોગ્ય કેન્દ્રની સવલતો અને ગુણવત્તા અંગે પૃચ્છા કરી, ઓપીડીમાં ડોક્ટર દ્વારા દર્દીની થતી આરોગ્ય ચકાસણીનું અવલોકન કર્યું હતું. તથા આ મુલાકાત દરમિયાન કલેક્ટર શ્રીએ દર્દીઓના પ્રતિભાવ પણ મેળવ્યા હતા, ત્યારબાદ ઈન્ડોર વિભાગમાં દાખલ દર્દીઓની તબિયત અંગે તેમની સાથે વાત કરી આરોગ્ય સેવા અંગે તેમનો પ્રતિભાવ મેળવ્યો. આ મુલાકાત અંતર્ગત કલેક્ટરશ્રીએ આરોગ્ય કેન્દ્રના જાહેર શૌચાલયમાં સ્વચ્છતાની જાતે ચકાસણી કરી હતી. અંતે સ્વચ્છતા બદલ સ્ટાફને બિરદાવી ભવિષ્યમાં સુદર કામગીરી ચાલુ રાખવા પ્રોત્સાહિત પણ કર્યા હતા. ઉપરાંત પ્રેરણા પ્રવાસ અંતર્ગત વારંવાર કલેક્ટરશ્રી શૈક્ષણિક બાબતોને મહત્વ આપી, પ્રાથમિક શાળાઓ તથા આંગણવાડીઓની મુલાકાત કરતા રહે છે. અને આ મુલાકાતો દરમિયાન તેઓ બાળકો સાથે સાથે શિક્ષકો અને વાલીઓને પણ બાળકમાં શિક્ષણની સાથે સાથે સંસ્કાર સિંચન કરવા પર ભાર મુકતા રહે છે. જેથી શૈક્ષણિક સિદ્ધિઓની સાથે સાથે આપણી જૂની સંસ્કૃતિ અને પરંપરા પણ જળવાઈ રહે. તેમને આ પરંપરાને આગળ ધપાવતા ડીંગુચા ગામે આંગણવાડીની મુલાકાત કરી કલેક્ટરશ્રીએ ભૂલકાઓ સાથે બેસી વાર્તાલાપ કર્યો હતો. તથા ભૂલકાઓને આંગણવાડી થકી મળતા ભોજન બાબતે વિગતો મેળવી હતી. અને ભૂલકાઓ સાથે બાળગીતનું ગાન કર્યું પણ કર્યું હતું.

આંગણવાડી કેન્દ્ર ખાતે રસોડા, વાસણ વિગેરેની સ્વચ્છતાની ચકાસણી કરી, અંતે આંગણવાડી બહેનોને સ્વચ્છતા અને ભોજનની ઉત્તમ ગુણવત્તા જાળવવા તથા બાળકોને બાળગીત, પંચતંત્રની વાર્તાઓ દ્વારા સંસ્કાર સિંચન કરવા પ્રેરણા આપી હતી. સ્પષ્ટ રીતે જાહેરમાં કલેકટર શ્રી મેહુલ કે. દવે સ્વીકારે છે કે, તેઓ પ્રજાના સેવક છે, અને તેમની સુખાકારીના કાર્યો માટે કટિબદ્ધ છે.

આ વાતને અનુસરતા ગામેગામ દફતરી ચકાસણી દ્વારા તેઓ યોજનાકીય લાભો જરૂરત મંદોને સમયસર મળે, તથા ગ્રામ્ય લોકો વચ્ચે બેસી તેમના પ્રશ્નોનું તાત્કાલિક નિવારણ લાવી શકે તેના માટે પ્રયત્નશીલ રહે છે, જેને અનુસરતા કલોલ તાલુકાના ડીંગુચા ગામની મુલાકાત અંતર્ગત કલેકટર શ્રીએ ડીંગુચા ગ્રામ પંચાયત કચેરીની મુલાકાત પણ કરી હતી.

તલાટી કમ મંત્રીના દફતરની સામાન્ય દફતર તપાસણી કરી, સરકારી વેરાની ૧૦૦% વસૂલાત કરવા માટે પ્રયત્નો કરવા સુચના આપી, ગામજનો સાથે વાર્તાલાપ કરી એપીએસ દુકાનથી વિતરણ થતાં અનાજની માત્રા અને ગુણવત્તા અંગે ચકાસણી કરી હતી, ત્યારબાદ ગ્રામ્ય કક્ષાના કર્મચારીની કામગીરી અને નિયમિતતા અંગે તથા અન્ય તમામ ઉપલબ્ધ સવલતો અંગે પણ વિશેષ ચર્ચા કરી યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

કલેક્ટર શ્રી ગાંધીનગર મેહુલ કે દવે દ્વારા પ્રેરણા પ્રવાસ અંતર્ગત ડીંગુંચાના "જય ઉમિયા પ્રાકૃતિક ફાર્મ"ની મુલાકાત કરવામાં આવી

પ્રાકૃતિક કૃષિ અંતર્ગત પ્રેરણા પ્રવાસ દરમિયાન ૭ ગામના ૪૨ ખેડૂતોએ હાજર રહી પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રેરણા મેળવી

કમલમ્,

ગાંધીનગર જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે હેતુથી, કલેક્ટર શ્રી ગાંધીનગર મેહુલ કે. દવે દ્વારા અવારનવાર 'પ્રેરણા પ્રવાસ' અંતર્ગત પ્રાકૃતિક કૃષિ ફાર્મસની મુલાકાત ગોઠવવામાં આવે છે. જેનો અત્યાર સુધીમાં ખૂબ જ સકારાત્મક પ્રતિસાદ મળતા, ગાંધીનગર જિલ્લામાં ૨૦૦થી વધુ ખેડૂતોએ સંપૂર્ણપણે પ્રાકૃતિક ખેતી અપનાવી છે. આજ દિશામાં આગળ વધતા ગાંધીનગર જિલ્લાના મોટાભાગના ખેડૂતો ધીમે ધીમે પ્રાકૃતિક કૃષિ અપનાવતા થાય અને ગાંધીનગર જીલ્લો સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો બને, તેવા સકારાત્મક પ્રયાસના ભાગરૂપે ગોઠવેલ પ્રેરણા પ્રવાસ અંતર્ગત તા ૦૧, ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ કલેક્ટરશ્રી ગાંધીનગર મેહુલ કે. દવે દ્વારા કલોલ તાલુકાના ડીંગુચા ગામ ખાતે આવેલા પટેલ જીતુભાઈ ચંદુભાઈના "જય ઉમિયા પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લેવામાં આવી હતી. "જય ઉમિયા પ્રાકૃતિક ફાર્મ" તૈયાર કરનાર ખેડૂતશ્રી જીતુભાઈ પટેલ છેલ્લા ચાર વર્ષથી પાકૃતિક કૃષિ કરી રહ્યા હોવાનું જણાવ્યુ હતું, તેમજ તેમના દ્વારા કેવી રીતે મોડલ ફાર્મ ઉભુ કરવામાં આવ્યુ તેના વિષે ઉપસ્થિત તમામ ખેડૂતોને વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ શ્રી પી. કે. કેવડિયા, પ્રોજેક્ટ ડાયરેક્ટર-આત્મા

દ્વારા ગાંધીનગર કલેકટરશ્રી સહિત ઉપસ્થિત તમામ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અન્વયે જિલ્લામાં ચાલતી પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતાં. પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત દરમિયાન જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે કલેક્ટર શ્રી ગાંધીનગર મેહુલ કે. દવે દ્વારા ખેડૂતોને માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું, તેમજ આપણો સાંસ્કૃતિક વારસો જળવાય અને ડિંગુચા ગામના ખેડૂતોમાં એક પારિવારિક ભાવના ઉભી થાય તે માટે ગ્રામજનો સાથે વાર્તાલાપ કરી પોતીકાપણું અનુભવાય તેવા સબંધો સ્થાપવા પણ કલેકટરશ્રીએ સૂચન કર્યું હતું. આ આત્મીયતાના એક ભાગરૂપે પ્રાકૃતિક કૃષિ અપનાવવા કલેકટર શ્રી એ અપીલ કરી હતી. કલેક્ટરશ્રીની ગાંધીનગર જિલ્લા ખાતે દહેગામ, માણસા, કલોલ અને ગાંધીનગર એમ ચાર તાલુકાની આ નવમી મુલાકાત દરમિયાન હાલ શ્રી જીતુભાઇ પટેલના પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મમાં દેશી ગીર ગાયો ધારાવતી ગૌશાળાની મુલાકાત પણ લેવામાં આવી હતી. તેમજ ખેડૂત દ્વારા બનાવવામાં આવતા જીવામૃત, ઘનજીવામૃતના યુનિટની મુલાકાત લઈ તેની કામગીરી નિહાળી હતી. સાથેજ એક સ્થાનિક ખેડૂતે આ યુનિટની સ્થાપના કરીને જીવામૃતનું ઉત્પાદન શરૂ કર્યું છે, અને અન્ય ખેડૂતોને વિતરણ કરી તેમના દ્વારા કુદરતી ખેતીને ઉન્નત બનાવવાની દિશામાં યોગદાન આપી રહ્યા છે તેબદલ કલેક્ટરશ્રીએ ખેડૂતના આ પ્રયાસની ખુબ પ્રશંસા કરતા કહ્યું કે, "આ જીવામૃત/ઘનજીવામૃત ઉત્પાદન યુનિટથી પ્રાકૃતિક ખેતીને વેગ મળશે અને રાસાયણિક ખાતરના વિકલ્પ રૂપે જીવામૃતનો ઉપયોગ વધુ ખેડૂતો સુધી પહોંચશે. આ પ્રયાસથી જમીનની ફળદ્રુપતા વધશે અને ખેતી ખર્ચમાં ઘટાડો થશે" જય ઉમિયા પ્રાકૃતિક ફાર્મમાં અંદાજે ૨.૫ વિઘા જમીનમાં ગાય માટેના ઘાંસચારા તેમજ સરગવા, આંબા, સિતાફળ, કેળા, લિંબુ, પપૈયા, અંજીર, બોર, રિંગણ જેવા બાગાયતી પાકોની ખેતી કરવામાં આવી રહી છે. આ પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત કરાવી હાજર રહેલ ખેડૂતોને આ ફાર્મ પરથી પ્રેરણા લઈ તેમના ગામમાં પણ આવા મોડલ ફાર્મ તૈયાર કરવા અપિલ કરવામાં આવી હતી. તેમજ પ્રાકૃતિક કૃષિ બાબતે અન્ય ખેડૂતોને પણ જાગૃત કરવા તેમજ વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તેવા પ્રયાસ હાથ ધરવાના ભાગ રૂપે ગાંધીનગર જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતોની આવા મોડલ ફાર્મ ખાતે પ્રેરણા પ્રવાસ ગોઠવવા સુચન આપ્યુ. તેમજ ખેડૂત ભાઈઓને પોતાની રાસાયણીક ખેતીથી પ્રાકૃતિક ખેતી તરફ વળવાની પહેલ કરવા તેમજ પ્રથમ જમીનના ૧-૨ વિઘા જમીનમાં અથવા થોડા ભાગમાં પણ પ્રાકૃતિક કૃષિ ચાલુ કરવા તથા તેના અનુભવે ધીમે ધીમે પ્રાકૃતિક ખેતી વધારવા વિનંતી કરવામાં આવી હતી. કલેકટરશ્રી દ્વારા હાજર રહેલ તમામ ખેડૂતો સાથેના સીધા સંવાદ બાદ ખેડૂતો પ્રાકૃતિક કૃષિની પ્રેરણા લઈ વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તેવી આશા વ્યક્ત કરી હતી. આ મુલાકાત અંતર્ગત શ્રી પી. કે. કેવડિયા, પ્રોજેક્ટ ડાયરેક્ટર-આત્મા, શ્રીઉત્તમકાનાણી, મામલતદાર શ્રી, કલોલ, શ્રી સુરેશભાઈ ચૌધરી-ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા પ્રોજેક્ટ, વિસ્તરણ અધિકારી-કલોલ, આસિસ્ટન્ટ ટેકનોલોજી મેનેજર-કલોલ, ગ્રામ સેવકશ્રી-કલોલ તેમજ તેમજ આજુબાજુના ૭ ગામના ૪૨ ખેડૂત ભાઈઓ હાજર રહ્યા હતાં.

મહેસાણા જિલ્લાના કડી તાલુકા પાસેની થોળ સરોવર વન્યજીવ અભયારણ્ય રામસર સાઈટ્સ વિશે જાણીએ

થોળ વન્યજીવ પક્ષી અભયારણને તા.૧૨/૦૮/૨૦૨૧ના રોજ રામસર સાઈટ (આતરાષ્ટ્રીય મહત્વ ધરાવતાં જળપ્લાવિત વિસ્તાર) તરીકે માન્યતા મળી

રાજ્યમાં નોંધાયેલ ૫૭૪ પક્ષીઓની પ્રજાતિઓ પૈકી થોળ ખાતે કુલ ૩૨૯ પ્રજાતિઓ નોંધાયેલ છે જે રાજ્યની કુલ પ્રજાતિઓના ૫૭ ટકા જેટલી છે

કમલમ્, મહેસાણા

સમગ્ર વિશ્વમાં તા. ૨જી ફેબ્રુઆરીને 'વર્લ્ડ વેટલેન્ડ ડે' તરીકે મનાવાય છે. આ વર્ષે 'વિશ્વ જળ પ્લાવિત દિવસ'ની વિષય વસ્તુ "પ્રોટેકટીંગ વેટલેન્ડ ફોર અવર કોમન ફ્યુચર"એટલે કે "આપણા સહિયારા ભવિષ્ય માટે જળ પ્લાવિત વિસ્તારોનું રક્ષણ'' નક્કી કરવામાં આવ્યું છે. ત્યારે આજે આપણે જાણીએ મહત્વની રાષ્ટ્રીય વેટલેન્ડ્સ વિશે ....National W^alands Conservation Programme (NWCP) - Environment પ્રોગ્રામ હેઠળ ભારતમાં કુલ ૧૧૫ રાષ્ટ્રીય મહત્વની વેટલેન્ડ્સ જાહેર કરવામાં આવી છે. જેમાંથી નળ સરોવર, થોળ તળાવ-સરોવર, કચ્છનું નાનું રણ, કચ્છનું મોટું રણ, નાની કકરાડ, વઢવાણા, ખીજડિયા અને પરીએજ સહિત કુલ ૮ રાષ્ટ્રીય મહત્વની વેટલેન્ડ ગુજરાતમાં આવેલી છે. વધુમાં, ગુજરાતમાં ૧૯ વેટલેન્ડ્સ છે જે મહત્વપૂર્ણ પક્ષી અને જૈવવિવિધતા વિસ્તારો તરીકે ઓળખાય છે. તેમાંથી આજે આપણે મહેસાણા જિલ્લાના કડી તાલુકા પાસેની થોળ સરોવર વન્યજીવ અભયારણ્ય રામસર સાઈટ્સ વિશે જાણીએ જે આ સમયગાળા દરમ્યાન હજારો યાયાવર પક્ષીઓનો ગમતીલો આશરો અને પક્ષીપ્રેમીઓ અને પ્રવાસીઓનું આકર્ષણ કેન્દ્ર બનતું હોય છે. કડી તાલુકાના થોળ ગામ પાસે આવેલા સરોવર અને તેના કાંઠાના વિસ્તારોને થોળ પક્ષી અભયારણ્ય જાહેર કરવામાં આવેલ છે. અહીં શિયાળાની ઋતુ દરમિયાન, મધ્ય એશિયા, યુરોપ, હિમાલય અને ઈશાન રાજ્યોના ઠંડા વિસ્તારોમાંથી અને વિદેશનાં અનેક પક્ષીઓ આવે છે જેમાં જળચર પક્ષીઓ મુખ્ય છે. ભારતની કુલ ૮૫ રામસર સાઈટ્સમાંથી ચાર રામસર સાઈટ્સ ગુજરાતમાં છે. જેમાં, નળ સરોવર પક્ષી અભયારણ્ય, થોળ સરોવર વન્યજીવ અભયારણ્ય, ખીજડિયા વન્યજીવ અભયારણ્ય અને વઢવાણા વેટલેન્ડનો સમાવેશ થાય છે. તો વાત કરીએ થોળ પક્ષી અભયારણ્યની...... વન્યજીવ વિભાગ, સાણંદના નાયબ વન સંરક્ષકશ્રી ડૉ. ધવલકુમાર ગઢવી જણાવે છે એમ સને ૧૯૧૨માં ગાયકવાડ શાસનકર્તાના સમયમાં થોળથી પશ્ચિમે આવેલ નિચાણવાળા મહેસાણા જિલ્લાના કડી તાલુકા અને અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ગામોને પૂરની પરિસ્થિતિથી બચાવવા માટે માટીનો પાળો બાંધીને માનવસર્જિત સરોવર છે. જે અમદાવાદ થી ૨૫ કિ.મી. ના અંતરે આવેલ છે. સરોવરનો વિસ્તાર ૬૯૯ હેક્ટર (૬.૯૯; ચો.કિ.મી.) છે. સિંચાઈ તળાવ તરીકે ઉપયોગમાં લેવાતા આ સરોવરમાં હજારોની સંખ્યામાં જળાશયના પક્ષીઓ વસવાટ કરે છે અને શિયાળામાં આવતા થાયાવર પક્ષીઓ માટે આશ્રયસ્થાન બની રહે છે. બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીએ આ સરોવરના વિસ્તારને મહત્વના પક્ષી વિસ્તાર તરીકે જાહેર કરેલ છે. સને ૧૯૮૬ માં ગુજરાત સરકારે આ સરોવર વિસ્તારને 'ગેઈમ રિઝર્વ જાહેર કર્યું હતું. ત્યારબાદ સને ૧૯૮૮ ને વન્યજીવ સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ ની કલમ-૧૮ અન્વયે અભયારણ્ય જાહેર કરવામાં આવ્યું હતુ. ભારત સરકારનાં પર્યાવરણ, વન અને મૌસમ પરિવર્તન મંત્રાલય દ્વારા તા.૦૯/૦૨/૨૦૧૫ના રોજ થોળ પક્ષી અભયારણની ફરતે મહેસાણા અને ગાંધીનગર જિલ્લાના કુલ ૦૭ ગામોના ૧૮.૨૪, ચો.કિ.મી. વિસ્તારને ઈકોસેન્સીટીવ ઝોન જાહેર કરવામાં આવેલ છે. આ ઈકો સેન્સીટીવ ઝોન થોળ પક્ષી અભયારણ્યની હદથી ન્યુનત્તમ ૦.૩૦૮ કિ.મી. અને મહત્તમ ૨.૨૪૪ કિ.મી સુધી ફેલાયેલી છે. આ ઈકો સેન્સીટીવ ઝોન' થોળ પક્ષી અભયારણના વન્યજીવો અને તેના કુદરતી નિવાસ્થાનો ઉપર વિપરીત અસર કરતી પ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. થોળ પક્ષી અભયારણને તા.૧૨/૦૮/૨૦૨૧ના રોજ 'રામસર સાઈટ (આતરાષ્ટ્રીય મહત્વ ધરાવતાં જલપ્લાવિત વિસ્તાર) તરીકે માન્યતા પ્રાપ્ત થયેલ છે. શું છે આ 'રામસર સાઈટ તો, " પ્રવાસી પક્ષીઓના સંરક્ષણ અને સંવર્ધન હેતુ વર્ષ ૧૯૬૦ના દાયકામાં જે વેટલેન્ડ પર સૌથી વધુ પ્રવાસી પક્ષીઓ આવતા હોય તે સાઈટના રક્ષણ માટે વર્ષ ૧૯૭૧માં ઈરાનના રામસર શહેર ખાતે નિષ્ણાંતો વચ્ચેની ચર્ચા રામસર સંધી તરીકે ઓળખવામાં આવી. આથી યુનેસ્કો સાથે સંલગ્ન રહી આ રામસર કન્ઝર્વેશન ભેજવાળી જમીનમાં સજીવોનું વૈવિધ્ય ધરાવતા સ્થળોને સંરક્ષિત કરવાની ભલામણ કરવામાં આવી અને આવા સ્થળોને રામસર સાઈટ જાહેર કરવામાં આવે છે .... થોળ પક્ષી અભયારણ, આ જલપ્લાવિત વિસ્તારમાં મુખ્ય ચાર પ્રકારની શીંગી, કટલા, રોહું અને મિંગ્રલ માછલીઓ મળી આવે છે. આ ઉપરાંત ઉભયજીવી પ્રાણીમાં બુલફ્રોગ અને માર્બલ ટોડ છે. સરિસૃપ પ્રાણીઓમાં રેટ, સ્નેક, કોબ્રા, ચેકર્ડ કીલબેક, ગાર્ડન, લિઝાર્ડ, ફેન થોટેડ લિઝાર્ડ, શ્રીક, બેંગાલ મોનિટર લિઝાર્ડ, ઈન્ડીયન ફલેપસેલ ટર્ટલ વગેરે તેમજ વિશેષમાં ૧૫૦ જેટલી પછી સૃષ્ટિના જળાશયના પક્ષીઓ આ અભયારણ્યમાં નોંધાયેલ છે. જેમાં સારસ, મત્સ્યભોજ, ચમચો, નીલશિર, ગાજહંસ, ભગવી સુરખાબ, ટીલીયાળી બતક, નાની સીસોટી બતક વગેરે જોવા મળે છે. અહીં સસ્તન વર્ગના પ્રાણીઓમાં વાંદરા, જંગલી બિલાડી નોળિયા, શિયાળ, ગેરો, લોમડી, સસલા અને નીલગાય વગેરે આ વિસ્તારમાં જોવા મળે છે. સને ૧૯૮૮ થી આ જલપ્લાવિત વિસ્તાર અભયારણ્ય જાહેર થવાથી તેનું સંરક્ષણ અને વ્યવસ્થાપન વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવે છે. પક્ષીઓને સતત સંરક્ષણ પુરૂ પાડવું અને વન્યજીવ વસવાટમાં સુધારો થાય તેવા કાર્યો જેમાં અભયારણ્યમાં માટીના પાળા બનાવવા અધિકતમ પાણીનું સ્તર જાળવવું, માટીના પાના ઉપર દેશીબાવળનું વાવેતર તથા પક્ષીઓને બેસવા માટે સૂકા ડાળા-થડીયા ઉભા કરવા પક્ષીઓને ખોરાક માળઉ રહે તે હેતુ મત્સ્યબીજ છોડવા વગેરે કરવામાં આવે છે એમ નાયબ વન સંરક્ષકશ્રી જણાવે છે.... થોળ અભયારણ્યમાં ઓકટોબર થી ફેબ્રુઆરી દરમ્યાન થાયાવર તથા સ્થાનિક અલગ અલગ જાતનાં પક્ષીઓનો નઝારો એ અદભૂત બાબત છે. ગ્લોસી આઈબીશ(Glory this) જે હજારોની સંખ્યામાં અંદાજે ૮૦૦૦૦ થી લાખેક જેટલા પક્ષીઓની સંખ્યાએ વિશિષ્ટ બાબત છે. પેલીકન, મત્સ્યભોજ તથા અન્ય શિકારી પક્ષીઓને મોટે ભાગે માછલીઓની અલગ અલગ જાતનો વિપુલ જથ્થો હોઈ પુરતો ખોરાક મળી રહે છે. અભયારણ્યમાં મોટે ભાગે દેશી બાવળનાં વૃક્ષો ઘણા જ પ્રમાણમાં હોઈ પક્ષીઓના માળા માટે સુરક્ષિત સ્થળ સાબિત થયેલ છે. આ વિસ્તારમાં સ્થાનિક રીતે જાગૃત શિક્ષિત તથા જીવદયાની લાગણીસભર લોકો વસતા હોઈ પક્ષીશિકારની અન્ય વિસ્તારની તુલનાએ કોઈપણ પ્રકારે ઘટના બનેલ નથી. તે પ્રશંસાપાત્ર તથા નોંધપાત્ર બાબત છે. આ વિસ્તારમાં પ્રથમ વખત કેંચીપૂંછ, વાબગલીએ સંવનન બાદ બચ્ચા આપ્યાનું નોંધાયેલ છે. તેની અંદાજિત સંખ્યા ૫૧૨૫૫ જેટલી છે. થોળ પક્ષી અભયારણ્યમાં જલપ્લાવિત વિસ્તાર ઉપરાંત વિશાળ વૃક્ષાચ્છાદિત વિસ્તાર હોવાથી જળાશયનાં પક્ષીઓ ઉપરાંત અનેકવિધ વન વગડાના પક્ષીઓ જોવા મળે છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં નોંધાયેલ ૫૭૪ પક્ષીઓની પ્રજાતિઓ પૈકી થોળ ખાતે કુલ ૩૨૯ પ્રજાતિઓ નોંધાયેલ છે. રાજયની કુલ પ્રજાતિઓના ૫૭ ટકા જેટલી થાય છે એમ નાયબ વન સંરક્ષકશ્રી ડૉ. ધવલકુમાર ગઢવી જણાવે છે.

કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬: શિપિંગ અને ઉડ્ડયન ક્ષેત્રને પ્રોત્સાહન

કમલમ્,

મેરીટાઈમ ઉદ્યોગને લાંબા ગાળાના ધિરાણ માટે કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામણે રૂ. ૨૫,૦૦૦ કરોડના ભંડોળ સાથે મેરિટાઈમ ડેવલપમેન્ટ ફંડ સ્થાપવાની દરખાસ્તરજૂ કરીછે. કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને આજે સંસદમાં તેમના બજેટ ભાષણમાં આ જાહેરાતકરતાજણાવ્યું હતું કે આ કોર્પસ દરિયાઈ ઉદ્યોગમાં વિતરિત સમર્થન અને સ્પર્ધાને પ્રોત્સાહન આપવા માટે હશે. આ ભંડોળમાં સરકાર દ્વારા ૪૯ ટકા સુધીનું યોગદાન હશેઅને બાકીની રકમબંદરો અને ખાનગી ક્ષેત્રમાંથી એકત્ર કરવામાં આવશે. નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે ખર્ચના નુકસાનને પહોંચી વળવા માટે શિપબિલ્ડિંગ ફાઇનાન્સિયલ આસિસ્ટન્સ પોલિસીમાં સુધારો કરવામાં આવશે. જેમાં સર્ક્યુલર ઇકોનોમીને પ્રોત્સાહન આપવામાટે ભારતીય યાર્ડ્સમાંશિપબ્રેકિંગ માટે ક્રેડિટ નોટ્સ પણ સામેલ હશે. તદુપરાંત, ચોક્કસ કદથી વધુના મોટા જહાજોને પણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર હાર્મોનાઇઝ્ડ માસ્ટર લિસ્ટ (એચએમએલ)માં સમાવવાની દરખાસ્ત છે. કેન્દ્રીય બજેટમાં જહાજોની રેન્જ, કેટેગરી અને ક્ષમતા વધારવામાટે 'શિપબિલ્ડિંગ ક્લસ્ટર્સ'ની સુવિધાઆપવાનો પણ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. તેમાં વધારાની માળખાગત સુવિધાઓ, કૌશલ્ય વર્ધન અને સંપૂર્ણ ઇકોસિસ્ટમ વિકસાવવા માટેની ટેકનોલોજી સામેલ હશે. જહાજનિર્માણમાં લાંબા ગાળાનો સમયગાળો છે એ વાતનો સ્વીકાર કરતાં નાણામંત્રીએ કાચા માલ, ઘટકો, ઉપભોક્તાઓ કે ભાગો પર મૂળભૂત કસ્ટમ્સ ડ્યુટીમાંથી મુક્તિને વધુ ૧૦ વર્ષ સુધી ચાલુ રાખવાનીદરખાસ્ત રજૂ કરી હતી. તેણીએ વધુ સ્પર્ધાત્મક બનાવવા માટે શિપ બ્રેકિંગ માટે સમાન વિતરણની દરખાસ્તકરી. પ્રાદેશિક કનેક્ટિવિટી સ્કીમઉડાનની પ્રશંસા કરતા શ્રીમતી નિર્મલા સીતારમણે તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ઉડાને ૧.૫ કરોડ મધ્યમ વર્ગના લોકોનેઝડપી મુસાફરીમાટે તેમની આકાંક્ષાઓ પૂર્ણ કરવા સક્ષમ બનાવ્યા છે. આ યોજનાએ ૮૮ એરપોર્ટને જોડ્યાછે અને ૬૧૯રૂટ કાર્યરત કર્યા છે. આ સફળતાથી પ્રેરિત થઈને સંશોધિત ઉડાન યોજના શરૂ કરવામાં આવશે, જે આગામી ૧૦ વર્ષમાં ૧૨૦ નવા સ્થળો સુધી પ્રાદેશિક કનેક્ટિવિટી વધારવા અને ૪ કરોડ મુસાફરોનું વહન કરવા માટે શરૂ કરવામાં આવશે અને આ યોજના પર્વતીય, મહત્વાકાંક્ષી અને પૂર્વોત્તર ક્ષેત્રના જિલ્લાઓમાં હેલિપેડ અને નાના એરપોર્ટને પણ ટેકો આપશે, એમ નાણાંમંત્રીએ જણાવ્યું હતું. તેમણે ગૃહને એમ પણ માહિતી આપી હતી કે સરકાર ઉચ્ચ મૂલ્યના નાશવંત બાગાયતી પેદાશો સહિત એર કાર્ગો માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને વેરહાઉસિંગના અપગ્રેડેશનની સુવિધાઆપશે. કાર્ગોસ્ક્રિનિંગ અને કસ્ટમ્સ પ્રોટોકોલને પણ સુવ્યવસ્થિત કરવામાંઆવશે અને તેને યુઝર-ફ્રેન્ડલી બનાવવામાં આવશે.બિહારરાજ્યનેમાળખાગત સુવિધાઓને વેગ આપતા કેન્દ્રીય નાણામંત્રીએદરખાસ્ત કરીહતી કે, ગ્રીનફિલ્ડ એરપોર્ટની સુવિધા બિહારમાં રાજ્યની ભવિષ્યની જરૂરિયાતોપૂર્ણ કરવામાટે કરવામાં આવશે. આ પટના એરપોર્ટની ક્ષમતાના વિસ્તરણ અને બિહતા ખાતે બ્રાઉનફિલ્ડ એરપોર્ટ ઉપરાંત હશે.પશ્ચિમીકોશીનહેર ઇઆરએમ પ્રોજેક્ટ માટે પણ નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે, જે નાથી બિહારના મિથિલાંચલ વિસ્તારમાં ૫૦,૦૦૦હેક્ટરથીવધુજમીનનું વાવેતર કરતા મોટી સંખ્યામાં ખેડૂતોને લાભ થશે.

વિકાસ ભારત બજેટ ૨૦૨૫:આ બજેટ એ માત્ર આંકડાઓનું નિરર્થક દસ્તાવેજ નથી પરંતુ આ ૧૪૦ કરોડ ભારતીયોના સપનાઓને સાકાર કરવાનો રોડમેપ છે. - સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ

કમલમ્,

આપણા યશસ્વી પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં રજૂ થયેલું વિકાસ ભારત બજેટ ૨૦૨૫, એખરેખર 'સબકાસાથ, સબકા વિકાસ'નોજીવંતદસ્તાવેજ છે.આ બજેટમાં જે મધ્યમવર્ગ માટે કરવામાં આવેલી જોગવાઈઓ છે, તે ઐતિહાસિક છે. નાણામંત્રી શ્રી નિર્મલાસીતારમણજી એ જે વિવિધ ક્ષેત્રોમાં સુધારાની જાહેરાત કરી છે, તે આવનારા વર્ષોમાં ભારતને વિશ્વ ગુરુ બનાવવાની દિશામાંએક મક્કમપગલું છે:

- વીજળી ક્ષેત્રમાં ક્રાંતિકારી સુધારાઓ
- શહેરી વિકાસમાટે નવી યોજનાઓ
- ખાણકામ ક્ષેત્રમાંઆમૂલ પરિવર્તન
- નાણાકીય ક્ષેત્રમાંમહત્વપૂર્ણ પગલાં

આ બજેટ એ માત્ર આંકડાઓનું નિરર્થક દસ્તાવેજ નથીપરંતુ આ૧૪૦ કરોડ ભારતીયોના સપનાઓને સાકાર કરવાનો રોડમેપ છે.મોદી સાહેબના ત્રીજા કાર્યકાળનું આ પ્રથમ બજેટ, આપણા દેશની પ્રગતિની ગાથાનું એક નવુંપ્રકરણ છે.

મને પૂર્ણ વિશ્વાસછે કે આ બજેટના અમલીકરણથી:

- નાના વેપારીઓને નવી તકો મળશે
- યુવાનોને રોજગારીની નવીતકો ઊભી થશે
- ગ્રામીણ અર્થવ્યવસ્થામજબૂત બનશે
- ટેકનોલોજી ક્ષેત્રેનવા આયામો સ્થપાશે

આ બજેટ એ નવા ભારતની નવી તસવીર છે. આવો, આપણે સૌસાથે મળીને આવિકાસયાત્રામાંજોડાઈએઅને આપણા વડાપ્રધાનશ્રીના વિકસિતભારતના સ્વપ્નને સાકાર કરીએ.

'જળપ્લાવિત' ક્ષેત્રમાં ગુજરાતની વિશેષ સિદ્ધિ દેશના તમામ વેટ્લેન્ડનો કુલ ક્ષેત્રફળનો ૨૧ ટકા હિસ્સો ગુજરાતનો : જે અન્ય રાજયો કરતા સૌથી વધુ

ભારતના કુલ ૧૧૫ રાષ્ટ્રીય વેટલેન્ડ્સમાંથી ૮ રાષ્ટ્રીય વેટલેન્ડ્સ ગુજરાતમાં



કમલમ્,

ગુજરાત વિવિધ વેટલેન્ડ્સ સ્વરૂપે અમૂલ્ય કુદરતી વારસો ધરાવે છે.ઈજે રાજ્યના પર્યાવરણીયસ્વાસ્થ્ય, જૈવવિવિધતા અને અર્થતંત્રમાંનોંધપાત્રયોગદાન આપે છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રપટેલના માર્ગદર્શનમાં તેમજ વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઈ બેરા તથા રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના નેતૃત્વમાં કુદરતી સંસાધનોના સંવર્ધનના પરિણામે દેશના તમામ વેટલેન્ડનો કુલ ક્ષેત્રફળનો ૨૧ ટકા હિસ્સો ગુજરાતનોછે જે અન્ય રાજ્યોકરતા સૌથી વધુછે.

ગુજરાતના વેટલેન્ડ્સ૩.૫ મિલિયન હેક્ટર વિસ્તારમાંફેલાયેલાછે, જે ગુજરાતના ભૌગોલિક વિસ્તારના ૧૭.૮ ટકાનો સમાવેશ કરે છે. સ્પેસએપ્લિકેશન સેન્ટર-ISRO, 2021 દ્વારા ભારતીય વેટલેન્ડ્સના અવકાશઆધારિત અવલોકન મુજબ, ગુજરાતમાં કુલ ૧૭,૬૧૩ વેટલેન્ડ્સ છે, જે કુલ૩,૪૯૯,૪૨૯ હેક્ટર વિસ્તારને આવરી લે છે. તેમાં મુખ્યત્વે અંતરિયાળ-કુદરતી વેટલેન્ડ્સ, અંતરિયાળ-માનવ નિર્મિત વેટલેન્ડ્સ, દરિયાકાંઠાના માનવ નિર્મિત વેટલેન્ડ્સ ઉપરાંત દરિયાકાંઠાના કુદરતીવેટલેન્ડ્સનો સમાવેશ થાય છે. ગુજરાતમાં મહત્તમ ૬૭ ટકા વિસ્તાર ખાડીઓનો, ત્યારબાદ૪૬.૮ ટકા વિસ્તાર કળણો, ૯૧.૬ટકા સોલ્ટમાર્શ અને ૭૫.૫ ટકા વિસ્તાર મીઠાના અગરો ધરાવે છે. ગુજરાત સહિતસમગ્ર વિશ્વમાંતા. ૨જી ફેબ્રુઆરીએ 'વર્લ્ડવેટલેન્ડ ડે' ઉજવાઈ રહ્યો છે. આ વર્ષે 'વિશ્વ જળ પ્લાવિત દિવસ'ની વિષયવસ્તુ "પ્રોટેક્ટીંગ વેટલેન્ડ ફોર અવર કોમન ફ્યુચર"એટલે કે "આપણા સહિયારા ભવિષ્ય માટે જળ પ્લાવિત વિસ્તારોનું રક્ષણ''નક્કી કરવામાંઆવ્યું છે.

મહત્વનીરાષ્ટ્રીય વેટલેન્ડ્સ

MoEFCC દ્વારા NWCP પ્રોગ્રામ હેઠળ ભારતમાંકુલ ૧૧૫ રાષ્ટ્રીય મહત્વની વેટલેન્ડ્સ જાહેર કરવામાં આવી છે. જેમાંથી નળ સરોવર, થોળ તળાવ, કચ્છનું નાનું રણ, કચ્છનું મોટું રણ, નાની કકરાડ, વઢવાણા, ખીજડિયાઅને પરીએજ સહિત કુલ ૮ રાષ્ટ્રીય મહત્વની વેટલેન્ડ ગુજરાતમાંઆવેલી છે. વધુમાં, ગુજરાતમાં ૧૯ વેટલેન્ડ્સ છે જે મહત્વપૂર્ણ પક્ષી અને જૈવવિવિધતાવિસ્તારો તરીકે ઓળખાય છે.

રામસર સાઈટ્સ

ભારતની કુલ ૮૫ રામસર સાઈટ્સમાંથી ચાર રામસર સાઈટ્સ ગુજરાતમાં આવેલીછે. જેમાં, નળ સરોવર પક્ષી અભયારણ્ય, થોળ તળાવ વન્યજીવ અભયારણ્ય, ખીજડિયા વન્યજીવ અભયારણ્ય અને વઢવાણા વેટલેન્ડનો સમાવેશ થાય છે. દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય, ખીજડિયા અભયારણ્ય, નળસરોવર અભયારણ્ય, છારી ઢંઢ, કન્ઝર્વેશન રિઝર્વ, કચ્છનુંનાનું રણ-ઘૂડખર અભયારણ્ય, કચ્છનું મોટું રણ- કચ્છ રણ અભયારણ્ય અને પોરબંદર પક્ષી અભયારણ્ય જેવા બહુવિધ વેટલેન્ડ આધારિત રક્ષિત વિસ્તાર છે. આ ઉપરાંત ગુજરાતમાંબીજી ઘણીમહત્વની વેટલેન્ડ્સ છે, જે જૈવવિવિધતાના દ્રષ્ટિકોણથી સમૃદ્ધ છે જેમાં પોરબંદર જિલ્લામાં ગોસાબારા-મોકર સાગર, બરડાસાગર, અમીપુર ડેમ, ઝવેર-કુછડીવેટલેન્ડ, મેઢાક્રીક, સુરેન્દ્રનગર જિલ્લામાં નવા તળાવ/સાવડા, ભાસ્કરપુરા વેટલેન્ડ, વડલા વેટલેન્ડ, ભાવનગર જિલ્લામાં કુંભારવાડા, મીઠાની તપેલીઓ અને આંબલાબંધારા, ખેડાજિલ્લામાં નારદા અને પરીએજ વેટલેન્ડ, પાટણ જિલ્લામાં સિંધડા, છણોસરા અને ગરામડી વેટલેન્ડ, કચ્છના જખૌ બંધારા તેમજ દેવભૂમિ જિલ્લામાંચરકલા વેટલેન્ડઆવેલો છે.

વેટલેન્ડ સંરક્ષણમાં ગીર ફાઉન્ડેશનનું યોગદાન

ભારતના દરેક રાજયમાં સ્ટેટ વેટલેન્ડઓથોરીટીની સ્થાપના થઈ જે અંતર્ગત ગુજરાતમાં પણ ગુજરાત સ્ટેટ વેટલેન્ડ ઓથોરીટીની સ્થાપના કરવામાં આવી છે. ગીર ફાઉન્ડેશન તેની નોડલ એજન્સી તરીકેની સેવાઓ આપી રહ્યું છે. આ ઓથોરિટીના કાર્યો હેઠળ સેવ વેટલેન્ડ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત ગીર ફાઉન્ડેશનના આર.એસ.જી.આઈ.એસ. યુનિટ દ્વારા ૧૫,૨૦૧ વેટલેન્ડનું વેલીડેશન કરવામાં આવ્યું છે. ઉપરાંત, ગીર ફાઉન્ડેશન ૪૫૮ વેટલેન્ડ હેલ્થ રિપોર્ટ કાર્ડ બનાવ્યા. ૨૦૦૦થી પણ વધુ વેટલેન્ડ મિત્રોનું રજિસ્ટ્રેશન કરવામાંઆવ્યું. મિશન લાઈફ પહેલ અંતર્ગત ૨૨૦ જેટલા વેટલેન્ડને લગતા કાર્યક્રમ કરવામાં આવ્યા. ઉપરાંતસેવ વેટલેન્ડઅંતર્ગતગીર ફાઉન્ડેશને આઠ જેટલા રૈ પણકર્યા છે.

ગીર ફાઉન્ડેશને ગુજરાતની ચાર રામસર સાઈટનું કાર્બન સંગ્રહ આકારણીનો અભ્યાસ પણ કર્યો છે. ગીર ફાઉન્ડેશન દેશના ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશનું પ્રાથમિક નોલેજ પાર્ટનર પણ છે. ગીર ફાઉન્ડેશનને રાજસ્થાન, ગોવા, તેલંગાણા, આસામ, મેઘાલય તથા કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ ખાતે વિવિધ તાલીમ અને કાર્યશાળાઓ યોજીને વેટલેન્ડ સંદર્ભે નાગરિકોનેમાહિતગાર કર્યાછે. આમ, ગીર ફાઉન્ડેશન ગુજરાતમાં વેટલેન્ડ ઈકોસિસ્ટમ્સની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે વૈજ્ઞાનિક સંશોધન, મોનિટરિંગ પ્રોગ્રામ્સ અને વેટલેન્ડ સંશોધન અને દસ્તાવેજીકરણમાં સક્રિયપણે સંકળાયેલું છે. ગુજરાતસ્ટેટ વેટલેન્ડ ઓથોરિટી-GSWA માટે નોડલએજન્સી અનેદેશભરના અનેક રાજ્યોમાંનોલેજ પાર્ટનરતરીકે, ફાઉન્ડેશન વેટલેન્ડ્સના દસ્તાવેજીકરણ માંઅને વેટલેન્ડ સંરક્ષણ-વ્યવસ્થાપનમાં ઉત્કૃષ્ટ પ્રયાસો સાથે સંક્ષિપ્ત અહેવાલો તૈયાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા પણભજવે છે.

ગુજરાતના મુખ્ય સચિવ તરીકે પદભાર સંભાળતા શ્રી પંકજજોષી

"વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત"ની દિશામાં કામ કરવું તે અમારી પ્રાથમિકતા રહેશે-મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી

વય નિવૃત થતાં મુખ્ય સચિવ શ્રી રાજકુમારને ભાવભરી વિદાય આપતાં વરિષ્ઠ સનદી અધિકારીશ્રીઓ

કમલમ્,

ગુજરાતના મુખ્ય સચિવ તરીકે વરિષ્ઠ સનદી અધિકારી શ્રી પંકજ જોષીએ આજે ગાંધીનગર ખાતે પદભાર સંભાળ્યો હતો. રાજ્યના મુખ્ય સચિવ શ્રી રાજકુમાર વય નિવૃત્ત થતાં તેમની પાસેથી મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષીએ મુખ્ય સચિવ શ્રી તરીકે ચાર્જ સંભાળ્યો હતો. મુખ્ય સચિવ શ્રી જોષીને આપ્રસંગે પૂર્વમુખ્ય સચિવ શ્રી રાજકુમારે નવીન જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્ય સચિવ શ્રી જોષીએ મીડિયાને વિગતે આપતાજણાવ્યું હતું કે, ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ, એફ.ડી.આઈ ઇન્વેસ્ટમેન્ટ સહિત અનેક ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે. ભારતમાં ગુજરાત રાજ્ય ગ્રોથ એન્જીન ઓફ ઈન્ડિયા તરીકે ઓળખાય છે. છેલ્લા અઢી દાયકામાં ગુજરાતરાજ્યનો અગ્રીમ વિકાસ થયો છે, અને આવનારા સમયમાં પણ ગુજરાતનો વિકાસ વધુ ઝડપથી થાય તે અમારી પ્રથમ પ્રાથમિકતા રહેશે. ભારત સરકાર અને ગુજરાત સરકારનું એક જ વિઝન રહ્યું છે, 'આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર કરવા અનેક પ્રયત્નો કરવા સરકાર સતત પ્રયત્નશીલ રહેશે તેમજણાવી મુખ્ય સચિવશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા 'વિકસિત ગુજરાત ૨૦૪૭' વિઝન ડોકયુમેન્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ વિઝન ડોકયુમેન્ટ બે થીમ પર આધારિત છે, અર્નીંગ વેલ અને લીવિંગ વેલ આ બંને થીમને ધ્યાને રાખીને રોડ મેપ તૈયાર કરવામાં આવશે. આ સાથે વય નિવૃત્ત થતાં ગુજરાતના મુખ્ય સચિવ શ્રી રાજકુમારને રાજ્યના વરિષ્ઠ સનદી અધિકારીશ્રીઓ? તેમજ વિવિધ વિભાગોના વડા- અધિકારીઓએ ભાવભરી વિદાય આપીને સુખમય અને સ્વસ્થ નિવૃત્તિ જીવન માટે શુભેચ્છાઓપાઠવી હતી. આ પ્રસંગે સામાન્ય વહીવટ વિભાગ અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાણી, મુખ્યમંત્રીશ્રીનાઅધિકમુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, અધિક મુખ્ય સચિવ શ્રીજયંતીરવિ,અધિક મુખ્ય સચિવ શ્રી જે.પી. ગુપ્તા, અધિક મુખ્ય સચિવ શ્રી એસ.જે. હૈદર સહિત વિવિધ સનદી અધિકારીશ્રીઓએ શ્રી રાજકુમાર સાથે તેમને કરેલા કાર્યોના સ્મરણ યાદ કરીને તેમની વહિવટી કુશળતાને બિરદાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, મૂળ ઉત્તરપ્રદેશનાવતની શ્રીપંકજ જોષી વર્ષ ૧૯૮૯માં ગુજરાત કેડરમાં ભારતીય સનદી અધિકારી તરીકે જોડાયા હતા. શ્રી જોષીએ સિવિલ ઈજનેરીમાંબી.ટેક. તેમજ જળ ક્ષેત્રે એમ. ટેક.નો અભ્યાસ કર્યો છે. તેઓએ ગુજરાતમાં પ્રાંત અધિકારીથી શરૂ કરીને સરકારના વિવિધ મહત્વના વિભાગોમાં સફળતાપૂર્વક ફરજ બજાવીને મુખ્યમંત્રીશ્રીનાઅધિકમુખ્ય સચિવ તરીકે અને હવે ગુજરાતના મુખ્ય સચિવશ્રી તરીકે મહત્વની જવાબદારીસંભાળી છે.

ભારતીય તટરક્ષક દળના સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાએ મહાનિરીક્ષક શ્રી ટેકુર શશી કુમારની રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે શુભેચ્છા મુલાકાત

કમલમ્,

ભારતીય તટરક્ષકના સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાએ ઉત્તર-પશ્ચિમ તટરક્ષક ક્ષેત્રના કમાન્ડર મહાનિરીક્ષક શ્રી ટેકુર શશીકુમારે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનીશુભેચ્છા મુલાકાત લઈને તટરક્ષક દળનુંસ્મૃતિચિહ્ન અર્પણ કર્યુંહતું. તા. ૧લીફેબ્રુઆરીએ ભારતીય તટરક્ષક દળ ૪૯ મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ પ્રસંગે તટરક્ષક દળના મહાનિરીક્ષક શ્રી ટેકુર શશીકુમારજીને શુભકામનાઓપાઠવી હતી.

કામરેજતાલુકાના ધોરણપારડી- ગાયપગલા તીર્થ ખાતે ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈના હસ્તે રૂ.૧૪.૩૧ કરોડના ખર્ચે ફલડ પ્રોટેકશન વોલ સહિત પાંજરા ખાડી સ્લુઈસ રેગ્યુલેટરન કામોનું ખાતમુહૂર્ત

કમલમ્,સુરત

કામરેજ તાલુકાના ધોરણ પારડી- ગાયપગલા તીર્થ (શંખેશ્વર મહાદેવ મંદિર) ખાતે ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈના હસ્તે રૂ.૧૪.૩૧ કરોડના ખર્ચે ફલડ પ્રોટેક્શન વોલ તથા પાંજરા ખાડી સ્લુઈસ રેગ્યુલેટરના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા તાપી નદીના કિનારે રમણીય અને નૈસર્ગિક વાતાવરણ વચ્ચે પૌરાણિક શંખેશ્વર મહાદેવ મંદિર ગાય પગલા તીર્થ સ્થાનનું યાત્રા-પ્રવાસન ધામતરીકે અદ્યતન સુવિધાસાથે વિકાસ કરવામાં આવી રહ્યો છે. પર્યટન સ્થળ તરીકે આ સ્થળ લોકપ્રિયબની રહ્યુંછે. રાજ્ય સરકારના પવિત્રયાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ધાર્મિક સ્થળોની કાયાપલટ થઈ રહી છે. શંખેશ્વર મહાદેવમંદિર, ગાયપગલા ભવ્ય સંરચનામાં શ્રધ્ધાળુને માત્ર મંદિર નહીં પરંતુ એવુ અસ્તિત્વદેખાય છે જે હજારો વર્ષોથી પ્રેરણા આપે છે. રૂ.૧૦૦૩.૩૬ લાખના ખર્ચે પ્રોવાઈડિંગ ફલ્ડ પ્રોટેકશન વોલ એટ શંખેશ્વર મહાદેવ ટેમ્પલ, ગાયપગલા ફ્રોમ ચે. ૦ થી ૫૦૦ મીટર, તથારૂ.૪૨૭.૮૩ લાખના ખર્ચે રીસ્ટોરેશન ઓફ ડેમેજ રીવર સાઈડ એન્વેલોપ ઓફ પાંજર ખાડી સ્લુઈસરેગ્યુલેટર ઓન રાઈટ બેંક ઓફ રીવર તાપીના પ્રથમ તબક્કાના વિકાસકામોમાં કુલ મળીને રૂ.૧૪.૩૧ કરોડના ખર્ચે આ સ્થળે શંખેશ્વર મહાદેવ જીર્ણોધ્ધાર પ્રકલ્પનું પ્રસ્તાવિત માનચિત્ર, શ્રી કૃષ્ણઅને બલરામજી દ્વારાપ્રતિષ્ઠિત જાગૃતશિવલીંગ પર નૂતન મંદિર નિર્માણ, નૂતન શિવપ્રસાદ માં સ્થિત કિશોર મૂર્તિ તપસ્વી શ્રીકૃષ્ણ-બલરામજી, સૂર્ય પૂત્રી તાપી અને ગૌમાતાના દેવાલયો, વૈદિક યજ્ઞશાળા, સૂર્ય પૂત્રી તાપીમાતાના પૂજન-આરતી અર્થે તાપીઘાટનું નિર્માણ, તટબંધી અને દિવાલનું નિર્માણ, તીર્થ સ્નાન માટે આધુનિક સગવડો યુક્ત ગૌરીકુંડ, ઔષધિવન, ઉત્સવકુંજ (પાર્ટી પ્લોટ), બાળ નગરી, ઉપાહાર ગૃહ નિર્માણ પામશે. આ પ્રસંગે કામરેજ તાલુકાના પંચાયત પ્રમુખ હર્ષદભાઈ ધોડિયા, સુમુલ ડેરીના ચેરમેન માનસિંહભાઈ પટેલ, જિલ્લા સહકારી સંઘના પ્રમુખ ભીખાભાઈ પટેલ, જિલ્લા સંગઠન પ્રમુખભરતભાઈ રાઠોડ, શાસક પક્ષનેતા રમેશભાઈ શિંગાળા, દત્તાભક્ત મંડળના ટ્રસ્ટીઓ, સામાજિક અગ્રણીઓ, તાલુકા પંચાયતના સદસ્યો, યાત્રાળુઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

એન.સી.સી. ના એડિશનલ ડાયરેક્ટર જનરલ પદે નવનિયુક્ત મેજર જનરલ રાય સિંહ ગોદારા રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાતે

કમલમ્,

એન.સી.સી.- નેશનલ કેડેટ કોરના ગુજરાત, દાદરા-નગર હવેલી, દમણ અને દીવના એડિશનલ ડાયરેક્ટર જનરલ તરીકે નિયુક્ત થયેલા મેજર જનરલ રાય સિંહ ગોદારાએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનીશુભેચ્છા મુલાકાતલીધી હતી. મેજર જનરલ રાય સિંહ ગોદારા જૂન ૧૯૯૧ માં ૨૧ મિકેનાઈઝ્ડ ઈન્ફન્ટ્રી રેજિમેન્ટમાંભારતીય સેનામાંજોડાયા હતા. ટેક્ટેકનોલોજી અને ડિઝાઈનિંગના વિશેષજ્ઞ મેજર જનરલ રાય સિંહ ગોદારાએ યુ. એન. શાંતિ રક્ષા મિશનમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મેજર જનરલ રાય સિંહ ગોદારાને તેમની નવી નિયુક્તિ માટે શુભકામનાઓપાઠવી હતીઅને ભારતીય સેનામાં તેમના યોગદાનની સરાહના કરી હતી. તેમણ કહ્યું કે, ભારતીય સેના દેશનું ગૌરવ, પ્રતિષ્ઠા, સુખ અને શાંતિ છે. ભારતીય સેનાએ વિશ્વમાં અલગ-આગવી ઓળખ ઊભી કરી છે. શ્રી ગોદારાના સૈન્યના અનુભવોનો એન.સી.સી. ના નેતૃત્વમાં વિશેષ લાભ મળશે એવી અભિલાષા પણ રાજ્યપાલશ્રીએ વ્યક્ત કરી હતી.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028